# Gyan Amrit
# ज्ञानामृत

Vol.15 - Issue 01
January 2022
Price 12/-
















## ‘જ્ઞાનામૃત’ સામાયિકની ૫૦ વર્ષની સફળ સમ્પન યાત્રાની અઢળક શુભકામનાઓ

જ્ઞાનામૃતની સ્વર્ણ જયંતી કરાવશે સ્વર્ણિમ દુનિયાના સાક્ષાત્કાર,
પરમાત્મ પરિચયવાહિની જ્ઞાનદાયિની બની મિટાવી રહી અજ્ઞાન અંધકાર,
અનેકોના ગુપ્ત-પ્રત્યક્ષ સહયોગથી આંગણે આવ્યો આ રૂડો અવસર,
સૌની શુભકામનાઓથી હજુયે કરશે સફળતાના અનેક શિખરો સર,
સૌનું પ્યારું લોકલાડીલું ‘જ્ઞાનામૃત’ રૂહાની જ્ઞાનની અમૃત રસધાર...

સન ૧૯૭૨થી એક એક સોપાન સર કરીને વૈવિધ્યપૂર્ણ કર્યો વિકાસ,
‘અલૌકિક દીવાદાંડી’ બની ૫૦ વર્ષોથી ફેલાવતી રહી સદ્જ્ઞાનનો દિવ્ય પ્રકાશ,
સત્ય જ્ઞાન પિપાસુઓનો જ્ઞાનસાગર સાથે સંગમ કરાવનાર ગુપ્ત સેતુ,
ગુજરાતમાં પ્રગટ થયેલું જ્ઞાનઝરણું વિશ્વના ખૂણે-ખૂણે સદાય અવિરત વહેતું,
જીવનની સાચી મંઝિલ બતાવનાર પુસ્તિકાનો સહુ કરતા દિલથી ઇંતજાર... સૌનું પ્યારું...

બુધ્ધિરૂપી વિમાનથી આત્માને કરાવે ત્રિલોકની દિવ્ય અલૌકિક સફર,
જ્ઞાનરૂપી દિવ્ય ચક્ષુ આપીને જીવનના અનેક રહસ્યો કરાવે દૃષ્ટિગોચર,
અધ્યાત્મજ્ઞાન દ્વારા અંતર્નિહિત સુષુપ્ત શક્તિઓ જગાવી કરાવે આત્મબોધ,
અદ્ભુત અનુભૂતિઓ દ્વારા અંતઃકરણ પામે શાશ્વત સત્યનો ઉદ્બોધ,
બંધનોના પિંજરા તોડાવી આત્મપંખીને કરાવે મુક્ત ગગનમાં વિહાર... સૌનું પ્યારું...

પરમાત્મ મિલનના યાત્રકો માટે જ્ઞાનામૃત બની સંજીવની બુટી જાણે સ્વાતિબુંદ,
સન્માનીય સર્વે પૂર્વ અને વર્તમાનના દીવાદાંડી સમાન તંત્રી સહ લેખકવૃંદ,
ગુહ્ય જ્ઞાનનું વિચાર સાગર મંથન કરીને શીખવે જ્ઞાન-યોગની સરળ વિધિ,
સ્વયંના અનુભવના નિચોડરૂપી માખણની અર્પે જ્ઞાનકસ્તુરી રૂપી નિધિ,
આ જ્ઞાનકલશમાં સમાહિત છે પરમાત્મા શિવના પ્રચૂર જ્ઞાનનો સાર... સૌનું પ્યારું...

જન્મોથી વિખૂટી પડેલા શુષ્ક આત્માઓને પ્રાપ્ત કરાવે પ્રભુ-રસ હેલી,
નકારાત્મક વ્યર્થ વિચારોથી મનને મુક્ત કરી નિવારે સમસ્યાઓ વણઉકેલી,
સ્નેહ-શાંતિ તરસતા અંતરમાં ખુશીયોનો પ્રાણસંચાર કરનાર અનોખી સહેલી,
આદિરત્નોની અનુભવયુક્ત લેખનીથી શ્રૃંગારિત જ્ઞાનામૃત દિસે નિત્ય નવેલી,
દાનમાં સર્વશ્રેષ્ઠ એવા જ્ઞાન-અમૃત દાનથી જમા કરીએ પુણ્યનો ભંડાર...સૌનું પ્યારું...

– બ્ર.કુ. પાયલ (ભોલી) ઉપલેટા

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૫ જાન્યુઆરી - ૨૦૨૨ અંક : ૦૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- સતયુગી સૃષ્ટિના સ્વપ્નદૃષ્ટા ................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા .................................દાદી જાનકીજી ..06
- પ્રજાપિતા બ્રહ્મા .........................દાદી નિર્મલશાંતાજી ..09
- છેવટે બાબાએ મને બ્રહ્માકુમારી ........બ્ર.કુ. વેદાંતીબેન ..13
- શિવના નંદી - પ્રજાપિતા બ્રહ્મા..........બ્ર.કુ. ગાયત્રીબેન ..15
- પ્રજાપિતા બ્રહ્મા સાથેના મારા અનુભવોબ્ર.કુ. પૂર્ણિમાબેન ..19
- સાકારમાં વિશ્વના સર્વોત્તમ આત્મા .....બ્ર.કુ. ચંદ્રિકાબેન ..24
- દાદા લેખરાજ .............................બ્ર.કુ. નીલમબેન ..28
- 18મી જાન્યુઆરી વિશ્વશાંતિ દિવસ..........................31
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..32



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

**આવશ્યક નોંધ**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **03290100041261**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch** IFSC Code : **BARB0GITAMA**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**


**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# સતયુગી સૃષ્ટિના સ્વપ્નદૃષ્ટા



સમગ્ર વિશ્વને પ્રેમ, એકતા, બંધુતા, સદાચાર અને વસુધૈવ કુટુંબકમનો સંદેશ આપનાર પ્રજાપિતા બ્રહ્માએ 18 જાન્યુઆરી, 1969ના દિવસે પાર્થિવદેહનો ત્યાગ કરી સંપૂર્ણ કર્માતીત અવસ્થા પ્રાપ્ત કરી. સમગ્ર વિશ્વમાં આવેલા સેવાકેન્દ્રોમાં એમની પુણ્યતિથિ યોગાભ્યાસ તપસ્યાથી ઊજવવામાં આવે છે.

પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માનું પૂર્વાશ્રમનું નામ દાદા લેખરાજ હતું. ઈ.સ. 1876માં સિંધ હૈદરાબાદ (હાલ પાકિસ્તાનમાં) કૃપલાની કુળમાં વલ્લભાચારી ભક્તને ત્યાં એમનો જન્મ થયો હતો. એમના પિતા શાળામાં મુખ્ય શિક્ષક હતા. પ્રારંભમાં સાધારણ સ્થિતિમાંથી આગવી તેજસ્વી બુદ્ધિથી, ઈમાનદારી, પરિશ્રમથી હીરા ઝવેરાતના પ્રસિદ્ધ વેપારી બની ગયા. તેમનું વ્યક્તિત્વ અદ્‌ભુત અને પ્રભાવશાળી હતું. એમને સંસાર પ્રત્યે સ્નેહ, સદ્‌ભાવના, રહેમદિલીના ભાવો હતા. એમનામાં સાહસ, સહનશીલતા, રાજાઓ જેવો શિષ્ટાચાર, આતિથ્યભાવ, ઉદારતા, આંતર બાહ્ય શુદ્ધિ વગેરે ગુણો હતા. તેઓ ધર્મ, જાતિ, દેશ, ભાષા, વર્ગ આદિના ભેદભાવથી મુક્ત હતા. તેઓ અપકારી ઉપર પણ ઉપકાર હતા. ભક્તિ કરતી વખતે 'સર્વ આત્માઓના કલ્યાણ માટેના' સંકલ્પો કરતા. દાન, પુણ્ય, સત્સંગમાં એમને વિશેષ રુચિ હતી.

60 વર્ષની વયે તેઓ એક મિત્રના બનારસમાં આવેલા બંગલાના બગીચામાં બેઠા હતા ત્યારે નિરાકાર જ્યોતિર્લિંગમ્ શિવના અને કળિયુગી સૃષ્ટિના મહાવિનાશના સાક્ષાત્કારો થયા. તેઓ કહેવા લાગ્યા 'પ્રભુ, બસ કરો પ્રભુ ! આટલો ભયંકર વિનાશ! હવે મને મોહિની રૂપ બતાઓ.' ત્યાર પછી એમને આવનાર સતયુગી સૃષ્ટિના સાક્ષાત્કારો થયા.

આ સાક્ષાત્કારોથી એમના જીવનમાં વૈરાગ્યની તીવ્રતા આવી. ઝવેરાતનો ધંધો સમેટી હૈદરાબાદ આવ્યા. ત્યાં કાકા મૂલચંદના મૃત્યુનો સાક્ષાત્કાર થયો. કાકાના મૃત્યુ સમયે આત્માને શરીરમાં નીકળતો જોયો. તે પછી વિષ્ણુ ચતુર્ભુજના સાક્ષાત્કાર થયા. એક વખતે એમને ત્યાં સત્સંગ ચાલતો હતો. ત્યાંથી ઉઠીને તેઓ પોતાના ઓરડામાં ગયા. તેમની પાછળ તેમનાં પુત્રવધૂ ગયાં. ઓરડો લાલ પ્રકાશમય બની ગયો અને એક જ્યોતિ એમના મસ્તકમાં પ્રવેશી. દાદા ધ્યાનાવસ્થામાં બોલવા લાગ્યા.

निजानंद स्वरूपं शिवोहम् शिवोहम्
ज्ञान स्वरूपं शिवोहम् शिवोहम्
प्रकाश स्वरूपं शिवोहम् शिवोहम्'

આ વખતે નિરાકાર જ્યોતિર્બિન્દુ પરમપિતા શિવ પરમાત્માએ એમના તનમાં પ્રવેશ કર્યો. તેઓ દિવ્ય અલૌકિક સ્થિતિમાં રહેવા લાગ્યા. પ્રારંભમાં સત્સંગનું નામ ઓમ્ મંડલી હતું. પરમાત્માને

પોતાનું સૃષ્ટિ પરિવર્તનનું મહાન કર્તવ્ય દાદાના માધ્યમ દ્વારા કરાવવું હતું તેથી તેમના મરજીવા જન્મનું નામ 'પ્રજાપિતા બ્રહ્મા' આપ્યું.

ઈ.સ. 1937માં દાદાએ પોતાની સ્થાવર જંગમ મિલકત બહેનોનું એક ટ્રસ્ટ બનાવી તેને સોંપી દીધી અને વિધિવત્ 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય'ની સ્થાપના થઈ. પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માના દિવ્ય, અલૌકિક અને પ્રભાવશાળી જીવનથી પ્રેરાઈને અનેક કુમારીઓ, કુમારો ગૃહસ્થીઓ, ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગના માર્ગે ચાલવા લાગ્યા. તેમનામાં અદ્‌ભુત યોગશક્તિ, દૃઢ મનોબળ, અનેક દિવ્ય ગુણો અને દૈવીશક્તિઓ હતી. ત્યાગ, તપસ્યા અને સેવાની ત્રિપુટી એમના જીવનમાં પરાકાષ્ઠાએ હતી. એમણે સ્થાપેલી બ્રહ્માકુમારીઝ સંસ્થા આજે વિશ્વભરમાં સન્માનિત બની છે. UNO એ પણ પીસ મેડલ પીસ મેસેન્જર એવોર્ડ આપેલા છે. ભારત સરકારે એમની સ્મૃતિમાં એક રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડેલી છે.

**॥ ઓમશાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

- **સૌથી મહાન સફળતાને પ્રાપ્ત કરેલા જે માણસોને હું ઓળખું છું તે બધા આશાવાદી હતા. ભાવિ ગમે તેટલું તિમિરમય યા નિરાશાજનક લાગતું હોય તો પણ તે અંતિમ પરિણામ પરની પોતાની શ્રદ્ધાને ચીવટથી વળગી રહે છે. આવી આશાવંત મનોવૃત્તિ આપણને અજ્ઞાત એવી કોઈ ભેદભરેલી રીતે આપણી જરૂરી વસ્તુનું આકર્ષણ કરે છે. જ્યારે આપણે તેને શોધતા હોઈએ, ત્યારે તે પણ આપણને શોધતી હોય છે.**

**(પેજ નં. 07નું અનુસંધાન)... અમૃતધારા**

આ નવી વાત હતી. આ અસંભવને બાબાએ સંભવ કરીને બતાવ્યું. કદી આ બાબતે બાબાને સંશય આવ્યો? સંકલ્પ માત્રમાં પણ, સ્વપ્ન માત્રમાં પણ બાબાને સંશય આવ્યો નહીં. એને કહેવાય બાપ સમાન. બાપ સમાન બનવું એટલે સાક્ષાત બાબા સમાન બનવું. ત્યારે જ આપણે સાક્ષાત્કારમૂર્ત બની શકીએ છીએ.

બાબા સમાન બનવા માટે પહેલું ફાઉન્ડેશન છે નિશ્ચયબુદ્ધિ. પોતાને પૂછો કે આપણે બાબા સમાન નિશ્ચયબુદ્ધિ છીએ? બાબા પ્રત્યે આપણને ઘણો પ્રેમ છે. બાબા માટે આપણે સર્વ કાંઈપણ કરવા માટે તૈયાર છીએ. બાબા કંઈ પણ કહે, આપણે તે કરીશું. બાબા કહે છે કે જ્યારે કોઈ ચીજ હલે છે તો આપણે તેને ચારે બાજુથી મજબૂત બનાવીએ છીએ જેથી તે હલે નહીં. હલશે નહીં તો તૂટશે પણ નહીં. આ રીતે બાપ સમાન બનવાનું છે. તો ચારે બાજુનો નિશ્ચય જોઈએ. બાબામાં, સ્વયંમાં, ડ્રામામાં અને બ્રાહ્મણ પરિવારમાં.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 31નું અનુસંધાન)... 18મી જાન્યુઆરી**

જ એમને દરેક સમસ્યાનો હલ મળી જાય. સહારો દાતા બનીને નહીં, નિમિત્ત સમજીને સહારો આપીએ. આ પાલનાની વિધિ છે.

જે રીતે વાણી દ્વારા સેવા કરીએ છીએ એ રીતે આપણી વર્તણૂંક અને ચહેરો જોઈને સૌના દિલમાંથી વાહ-વાહના ગીત નીકળે. એમની દુઆઓ લેતા રહીએ અને સૌને દુઆઓ આપતા ચાલીએ. આ છે રુહાની પાલના કરવી. આવી પાલના દ્વારા સમગ્ર સંગઠનને શક્તિશાળી બનાવીએ.

**॥ ઓમશાંતિ ॥**

## અમૃતધારા

# પ્રજાપિતા બ્રહ્મા

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આરંભથી જ મને બાબાના મસ્તક પરથી લાઈટ માઈટના સાક્ષાત્કાર થતા જ રહ્યા. બાબાનો ત્યાગ પણ પ્રેક્ટિકલ હતો. તપસ્યામાં સદા તત્પર હતા અને સેવામાં એમને અથાક બનીને સર્વને સુખ આપતા જોયા. અમે બાબાને કદી પણ ઈઝી ઓર્ડીનરી મુડમાં જોયા નથી. અવ્યક્ત થયાના ત્રણ વર્ષ પહેલેથી જ બાબા એકદમ ન્યારા બની ગયા હતા. કોઈપણ વાત જાણે કે સાંભળવા છતાં સાંભળતા નથી. નિમિત્ત બનીને યજ્ઞનો કારોબાર ચલાવતા હતા. કરાંચીમાં બાબાએ દેહના સંબંધ તોડીને એક પરમાત્મા સાથે કઈ રીતે જોડી શકાય તેનો અભ્યાસ કર્યો અને કરાવ્યો. યોગ કરાવ્યા પછી અમે બાબાને પૂછતા હતા કે બાબા આપ ક્યાં હતા? તો બાબા કહેતા હતા કે 'હું બાળકોને જ દૃષ્ટિ નહોતો આપી રહ્યો પણ સમગ્ર વિશ્વના આત્માઓને દૃષ્ટિ આપી રહ્યો હતો. હું તો સમગ્ર વિશ્વનો પિતા છું.' ક્યારેક બાબા કહેતા હતા ચાલો બાળકો વાણીથી પાર નિર્વાણધામ જઈને બેસીએ જ્યાં સર્વ આત્માઓ રહે છે. આ રીતે બાબા વિભિન્ન વાતોનો અભ્યાસ કરતા અને કરાવતા હતા. અવ્યક્ત થયા પછી અત્યારે પણ બાબા બેહદ વિશ્વસેવા કરી રહ્યા છે.

બાબા જ્યારે સાકારમાં હતા ત્યારે કેટલાકને ઘેર બેઠા જ એમનો સાક્ષાત્કાર થતો હતો. એ રીતે અવ્યક્ત થયા પછી કેટલાયે વિદેશી ભાઈબહેનોને બ્રહ્માબાબાના અને મધુવનના સાક્ષાત્કાર થયા છે. દરેકને એમ લાગતું હતું કે આ અમારા પિતા છે. એકલા હિન્દુઓના જ પિતા છે એવું લાગતું નહોતું. સૌને પોતાનાપણાની ભાસના થાય છે. એમને એવું લાગતું હતું કે આ અમારો પરમાત્મા સાથે સંબંધ જોડાવનાર પિતા છે. તેઓ જ્ઞાન સાંભળતા પણ બ્રહ્માબાબાને જોતાં જ કહેતા હતા કે મેડીટેશન સમજાઈ ગયું.

આપણે સૌ જાન્યુઆરી અવ્યક્ત માસમાં બાબાએ જે શિક્ષણ આપ્યું છે તેનું વિચાર સાગર મંથન કરીએ. જ્ઞાનની ગહનતામાં જાઓ. જેનાથી બુદ્ધિને પરચિંતન કરવાની ફુરસદ ના મળે. વીતેલી વાતોનું ચિંતન ના કરો. નકામી વાતો સાંભળો નહીં. જરૂરી વાતો જ સાંભળો.

આમ તો હું બાબાની પાસે પાછળથી આવી છું. પરંતુ સમર્પિત થયાં પહેલાં જ્યારે ઘરમાં રહેતી હતી ત્યારે પણ મારી સામે બાબા ફરિસ્તારૂપમાં દેખાતા હતા. ગીતા વાંચતી વખતે એવો અનુભવ કરતી હતી કે બાબા મારી સામે ઊભા છે અને મને બોલાવી રહ્યા છે. ભક્તિમાં મેં વૃદ્ધ બ્રાહ્મણમાં સત્યનારાયણ સ્વામીને જોયા હતા તો જ્યારે હું બાબાની પાસે આવી તો સત્યનારાયણ સ્વામી જેવી જ ભાસના થઈ.

મને સદા અવ્યક્ત સ્થિતિનો ગુપ્ત નશો અને લક્ષ્ય રહેતું હતું. હું સાકારી, આકારી અને નિરાકારી પિતાને મારી સામે ઊભેલા અનુભવું છું. સાકારબાબાને અનુસરવાનું છે આકારી બ્રહ્માબાબાને જોઉં છું તો મને લાગે છે કે આટલી

મોટી જવાબદારી સંભાળવા છતાં બાબા સંપૂર્ણ બન્યા. નિરાકારીને સદા નજર સમક્ષ રાખું છું. જ્યારે પણ સમય મળે છે ત્યારે વિદેહી સ્થિતિનો અભ્યાસ કરું છું.

મેં બાબાને કદી ઓર્ડીનરી મનુષ્યની જેમ જોયા નથી. પાંચ તત્ત્વોના શરીરધારી એકદમ હળવા ફરિસ્તાના રૂપમાં દેખાતા હતા. એમના બોલચાલ, ઉઠવુ, બેસવું અનોખું જ હતું. એમની ગંભીર મુદ્રાથી એવું લાગતું હતું તેઓ પ્રભુપ્રેમમાં ડૂબેલા છે. એમના નયનો અને મુખથી એક અપૂર્વ તેજસ્વિતા છલકાતી હતી. તેઓ જીવનમુક્ત અવસ્થામાં પ્રત્યેક કાર્ય દિવ્યતાથી કરતા હતા. બાબા સત્યતા, પવિત્રતા અને દિવ્યતાના અવતાર દેખાતા હતા.

## નિશ્ચયબુદ્ધિ બ્રહ્માબાબા

**રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ**

બાબાની સૌથી પહેલી વિશેષતા સંપૂર્ણ નિશ્ચયની હતી. બ્રહ્માબાબાને શિવબાબાએ ટચ કર્યા અને બ્રહ્માબાબાને એ સંકલ્પમાં થોડો પણ સંશય આવ્યો નહીં. એમણે કદી એવું ના વિચાર્યું કે શું થશે? કઈ રીતે થશે? હું સર્વકાંઈ છોડી દઉં પણ હું સ્થાપના કરી શકીશ યા નહીં? આ નવી વાત હતી. આમ છતાં બાબામાં અડગ નિશ્ચય હતો.

દુનિયામાં દ્વાપરયુગથી લઈને કલિયુગ સુધી પ્રવૃત્તિમાં રહીને પણ આમ નિર્વિકારી રહી શકો છો, પવિત્ર રહી શકો છો એવી વાત કોઈએ કરી નહોતી. અત્યાર સુધી પણ આટલા સાધુ સંત, મહાત્મા, મહામંડલેશ્વર વગેરે જે પણ છે, તેઓને પણ વિશ્વાસ બેસતો નથી કે આગ અને કપાસ સાથે હોય ને આગ લાગે નહીં. આવું બની ના શકે. આ એમના શબ્દો હતા. પણ આપણે શું બોલીએ છીએ? આપ સર્વ પણ પ્રવૃત્તિમાં રહો છો ને? આપનું દિલ શું કહે છે? આગ અને કપાસ હોવા છતાં પણ અપવિત્રતાની આગ નથી લાગતીને! આ નવી વાત છે! ઝગડા શરૂ થયા તો કઈ બાબત માટે શરૂ થયા - આ બાબતે જ ને.


મને યાદ છે શરૂ શરૂમાં સિંધ-હૈદરાબાદમાં ઘણો વિરોધ થયો, બાબાને પંચાયતે બોલાવ્યા. પંચોએ બાબાને કહ્યું કે આપ આ માતાઓ અને કન્યાઓને કહો કે પવિત્ર ના રહે. અમારી સમક્ષ તમે આ પ્રકારનો વાયદો કરો. બાબાએ કહ્યું આ પ્રકારનો વાયદો હું કરી ના શકું અને આ વાત એમને કહી પણ ના શકું. કારણ કે શિવબાબાએ મને એ આજ્ઞા કરી છે કે તમારે પવિત્ર બનીને, પવિત્ર દુનિયાની સ્થાપના કરવાની છે. પવિત્રતા એનો પાયો છે. જો હું એમ કહું કે પવિત્ર ના બનો તો પવિત્ર દુનિયાની સ્થાપના કઈ રીતે થશે? હું આમ કહી ના શકું. એમણે કહ્યું કે આ માતાઓ કન્યાઓને માર પડશે. બંધન લાગશે. આપની સામે વિશેષ થશે. બાબાએ કહ્યું કે મને તો શિવબાબાનો આદેશ છે. હું એમની વાત ટાળી ના શકું. બાબામાં કેટલી હિંમત હતી.

બાબાને શિવબાબાના આદેશમાં જરા પણ સંશય આવ્યો નહીં. બાબા ઘણાં મોટા ઝવેરી હતા. મારી પ્રતિષ્ઠાનું શું થશે? મારો આટલો મોટો પરિવાર છે. સર્વ કાંઈ સમર્પણ કરી દઈશું તો ભૂખે મરીશું. આવું કંઈપણ બાબાએ વિચાર્યું નહીં. એમનામાં એ લગન હતી કે બાબા જે કહે છે તે મારે કરવાનું છે. એને કહેવાય નિશ્ચય. આપની સામે ઉદાહરણ રૂપ છે. જેમણે આપના પહેલાં જ પવિત્ર ગૃહસ્થ જીવન અપનાવ્યું છે. બ્રહ્માબાબાને જોઈને તમે નિર્ણય કર્યો કે અમારે પણ આવા બનવાનું છે. બ્રહ્માબાબાની સામે કોઈ દૃષ્ટાંત, ઉદાહરણ નહોતું. નવી વાત હતી. લોકો અસંભવ માને તેવી

**(અનુસંધાન પેજ નં. 05 પર)**

# પ્રજાપિતા બ્રહ્મા

રાજયોગિની દાદી નિર્મલશાંતાજી, શાંતિવન, આબુરોડ



આ સંસારમાં જેટલાં પણ માનવ શરીરધારી છે એમને પોતપોતાનાં માતાપિતા, ભાઈબહેન હોય છે. એ રીતે મારો જન્મ પણ એક સાધારણ મનુષ્યના ઘરમાં થયો. પિતાજીનું નામ દાદા લેખરાજ હતું. પ્રેમથી લોકો એમને લખીબાબુના નામથી સંબોધતા. કલકત્તામાં ન્યુ માર્કેટની સામે 7/1/સી લિંડસે સ્ટ્રીટમાં એમનું નિવાસસ્થાન તથા હીરા ઝવેરાતનો વેપાર હતો. એમનું લૌકિક જીવન એટલું સરળ અને પ્રભાવશાળી હતું કે જેનું આજના યુગમાં વર્ણન કરવાથી આશ્ચર્ય થાય છે. પછી 1936 થી પરમપિતા શિવ પરમાત્માની પ્રવેશતા અને સાક્ષાત્કાર બાદ તો એકાએક વિશ્વપિતા બ્રહ્માના રૂપમાં બદલાઈ ગયા. તેથી જ્ઞાન પહેલાં અને પછીના જીવનની કેટલીક ઘટનાઓનો આંખે દેખ્યો અહેવાલ અનુભવ, શિક્ષણ, પ્રેરણાઓ તથા આશ્ચર્યજનક વાતો આપની સમક્ષ રજૂ કરું છું.

અમારા ઘરનું લૌકિક વાતાવરણ એક મંદિર સમાન હતું. ઘરમાં જ એક નાનકડું મંદિર તથા એમાં પૂજા, પાઠ, માળા, ભજન, કીર્તન, ગુરુઓનું આગમન, આરતી વગેરેનો કાર્યક્રમ પ્રતિદિન ચાલતો હતો. પરિવારના દરેક સભ્યના પોતપોતાના ભગવાન હતા. પ્રતિદિન બાબા ગીતાપાઠ તથા નારાયણ (વિષ્ણુ)ની પૂજા કરતા હતા. તેથી સ્નાન તથા પૂજાપાઠ વિના કોઈને પણ ખાવાપીવાનો નિયમ નહોતો. શાળામાં જવાનું હોય તો પણ પૂજા વિના દૂધ મળતું નહીં. પછી ભલે શાળામાં જવામાં મોડું થાય. અર્થાત્ આ પ્રકારે ભગવાન પ્રત્યે ભાવના જગાડવી, જલ્દી ઉઠવું, સ્નાન કરવું, સફાઈ વગેરેની ટેવ બાળકોને બાળપણથી જ પાડવામાં આવતી હતી.

### દાન આપવાથી ભાગ્ય બનાવવાની ટેવ

અમે જોયું કે બાબા શરૂઆતથી જ સ્વયં તો દાન આપતા જ હતા, સાથે સાથે પરિવારનાં નાનામોટા સભ્યો દ્વારા પણ દાન કરાવતા હતા, તથા દાન કરવાથી રાજા-મહારાજા બનશો એમ પણ કહેતા હતા.

એક દિવસની વાત છે. મકરસંક્રાંતિનો દિવસ હતો. એ દિવસે વિશેષ કેટલાયે પ્રકારનું દાન આપવામાં આવતું હતું. જેમાં સોનું, ચાંદી, તાંબું, અન્ન, વસ્ત્ર, કાળા સફેદ તલ વગેરેના દાનનું મહત્ત્વ હોય છે. જે પંડિત દાન લેવા આવતા હતા, તે બાબાને જણાવતા હતા કે સોનાનું દાન કરવાથી મહારાજા બનશો, ચાંદીનું દાન કરવાથી રાજા, તાંબાના દાનથી વસ્ત્ર દાનથી આ આ બનશો. આ આ ફળ મળશે. આ પ્રકારની વાતો જ્યારે સંભળાવી રહ્યા હતા, ત્યારે હું પણ સાંભળી રહી હતી. એ સમયે મારી ઉંમર લગભગ 5--6 વર્ષની હશે. તથા બુદ્ધિમાં એ હતું કે સોનાનું દાન કરવાથી રાજ્યપદ મળશે. ભવિષ્યના જન્મમાં રાજા બનાશે. તેથી સોનાનું દાન કરવાની વાત મનમાં પાકી થઈ ગઈ. મેં પણ પંડિતજીને કહ્યું કે હું પણ સોનાનું દાન કરીશ. તો પંડિત બોલ્યા - તમે તો કુમારી કન્યા છો. તમને તો દાન મળશે. આ તો ફક્ત ગૃહસ્થીઓએ જ કરવાનું છે. મતલબ કે એમણે દાન લેવાની ના પાડી. મને એમ લાગ્યું કે હું

કદાચ કાલે મરી જાઉં તો રાજા નહીં બનું, બાબા તો રાજા બનશે.

તો પંડિતજી બાબા, માતાની પાસેથી સોનું, ચાંદી લઈને જઈ રહ્યા હતા ત્યારે હું પણ એમની પાછળ પાછળ ચાલવા લાગી તથા રસ્તામાં મારા હાથમાં જે સોનાની બંગડીઓ હતી, તે કાઢીને પંડિતજીને આપવા લાગી. પણ પંડિતજીએ તે લેવાની ના પાડી. તે કહેવા લાગ્યા તમે તો દાન આપ્યા વિના જ રાજા બની જશો. મેં કહ્યું તમારે દાન લેવું જ પડશે, હું પાછી નહીં જાઉં, તો મારી જિદને કારણે તેઓ ડરથી બંગડીઓ લઈને બાબાની પાસે પહોંચ્યા અને કહેવા લાગ્યા ‘બાબુજી, આપની પુત્રીએ મને આ સોનાની બંગડીઓ આપી છે તથા કહ્યું કે મારી માતા, બાબા તો રાજા બનશે પણ હું તો રહી જઈશ. એટલે તમે આ મારું સોનું લઈ જાઓ તો હું પણ રાજા બનીશ. પરંતુ બાબુજી, કન્યાનું તો હું કંઈ લઈ શકું નહીં.’

આ વાત સાંભળીને બાબા હસતાં હસતાં બોલ્યા, ‘જુઓ બાળકી છે. દાન આપી દીધું છે. તેથી બાળકીનું આપેલું દાન બાબા ઘરમાં રાખી શકે નહીં. તમે લઈ જાઓ. તમારાં બાળકોને પહેરાવી દેજો. હું બાળકીને બીજું પહેરાવી દઈશ.’

હવે બીજી તરફ જ્યારે હું બાબાની સામે ગઈ તો હાથમાં બંગડીઓ નહોતી. તો હાથ વસ્ત્રોમાં ઢાંકીને ઊભી રહી ગઈ. બાબાએ કહ્યું, ‘બેટી, તારી બંગડીઓ ક્યાં ગઈ, શા માટે સંતાડે છે?’ તો મેં કહ્યું, ‘સોનું દાન કરવાથી બાબા રાજા બનશે તો મેં પણ પંડિતને બંગડીઓ દાનમાં આપી દીધી છે. આપે તો દાન કર્યું છે. આપ રાજા બનશો તો હું પણ રાજા બનીશ.’ તો ધમકાવ્યા વગર પ્રેમથી બાબાએ કહ્યું, ‘સારું બેટી નવી બંગડીઓ મળી જશે કંઈ વાંધો નહીં.’

## ક્રોધનું નામ નિશાન નહીં

અર્થાત્ બાબા જાણવા છતાં અજાણ તથા બાળકો જુઠ્ઠું ના બોલે, સારા સંસ્કારો ધારણ કરે એવા કાર્યથી બાબા ખુશ થતા હતા. ક્રોધ યા ગુસ્સાનું રૂપ તો અમે કદી જોયું નથી. ગાળ યા અપશબ્દ, થપ્પડ તથા માર ખાવાનો તો પ્રશ્ન જ નહોતો. અંશમાત્ર પણ બાબા ગુસ્સો કરતા નહોતા.

## બાળકોને ખવડાવવું, ફેરવવાં તથા એમના માધ્યમથી રોયલ્ટીથી કઈ રીતે માલ વેચવો.

આ સાથે નેપાળના રાજાઓ સાથે પણ આવવા જવાનું થતું હતું. પણ જ્યારે બાબા જતા હતા ત્યારે સાથે બાળકોને પણ લઈ જતા હતા તથા સર્વ પ્રકારનાં નવા નવાં ફેશનનાં ઘરેમાં એમને (બાળકોને) પહેરાવતા હતાં. તો જ્યારે પણ રાજા યા રાણી અમારાં સૌનાં ઘરેણાં જોતાં હતાં ત્યારે કહેતાં હતાં કે આ બાળકીના ગળામાં જેવો હાર છે, તેવો અમારે માટે પણ બનાવી આપો. કાનમાં જેવાં કુંડળ છે તેવાં બનાવી દો. આ રીતે સર્વ બાળકોનાં ઘરેણાં પસંદ થતાં હતાં. બાબા કહેતા હતા બે ચાર દિવસમાં નવાં ઘરેણાં બની જશે.

## મોહ મમતાથી રક્ષણ

પછી જ્યારે ઘેર આવતાં હતાં તો બાબા પ્રેમથી તે ઘરેણાં પાછા કઢાવી લેતા હતા. કારણ કે તે તો વેચાઈ ગયાં હતાં. બાબા કહેતા વાસી ચીજને વારંવાર ન પહેરાય. તમને નવાં ઘરેણાં મળશે. કારણ કે અમે બાબાના ચૈતન્ય કેટલોગ (સેમ્પલ પીસ) હતાં. તેથી રોજ ઘરેણાં પહેરવાની અને ઉતારવાની એક ટેવ પડી ગઈ હતી. તો બાળપણની આ નાની શી ટેવથી મમત્ત્વ ભાવ ચાલ્યો ગયો હતો અર્થાત્ બાબાએ અમને મોહમમમતા યા લાલચથી દૂર રાખ્યાં. તો અંતમાં

પરિણામ એ આવ્યું કે જ્ઞાન મેળવ્યા પછી, બાબા ઉપર નિશ્ચય થયા પછી સર્વ કાંઈ છોડીને ચાલી નીકળ્યાં. એની મોહમમતામાં અટકી ગયા નહીં.

## સતોપ્રધાન અર્થાત્ સાત્વિક ભોજનનો ઉપયોગ શરૂઆતથી જ

ઘરમાં તામસી ભોજનનું નામ નિશાન ન હતું. જ્યારે કોઈ કાંદા ખાઈને આવતું તો અમે કહેતાં કે બા, એમને બોલાવશો નહીં. એમના મોંઢામાંથી દુર્ગંધ આવે છે. નેપાળના રાજા તથા મોટા મોટા અંગ્રેજો પણ એ વખતે માલ (દાગીના) લેવા આવતા હતાં. પરંતુ બાબા એમને દારૂ કે સીગારેટ પીવડાવતા નહોતાં. તેઓને તો તેના વિના ચાલતું નહોતું. બાબા કહેતા હતા કે, 'ભલે રાજા હોય કે મોટામાં મોટા સાહેબ, માલ ખરીદે અથવા ના ખરીદે. પરંતુ વાઈન (દારૂ) વગેરે કંઈ પણ મળશે નહીં.' અર્થાત્ બાબા પોતાના સતધર્મમાં સદા અડગ રહેતા હતા.

## પ્રથમ સાક્ષાત્કાર પછી બાબા, શ્રીકૃષ્ણ તથા શિવબાબા પર સંપૂર્ણ નિશ્ચય

શિવબાબાની પ્રવેશના પહેલાં બાબા લૌકિક પરિવારનું પાલન ઘણા લાડપ્રેમથી કરતા હતા. પરંતુ શિવબાબાની પ્રવેશતા બાદ એવું લાગતું હતું કે જાણે બાબા અમને ઓળખતા જ નથી. તેઓ પૂછતા હતા, 'કોના સામે ઊભી છો?' ઓળખે છે?' આ સાંભળીને મને આશ્ચર્ય લાગતું હતું કે જન્મદાતા બાપ થઈને પૂછે છે કે તું મને ઓળખે છે? આવું સાંભળીને મને લાગી આવતું હતું કે બાબાને શું થઈ ગયું છે. આવું વિચારતાં મારી લૌકિક માતા મને સમજાવતી હતી કે તારા બાબાએ પહેલાંના જેવા બાબા નથી. એમનામાં પરમાત્મા આવે છે. તો મને આશ્ચર્ય લાગતું હતું. આ વાતનો મને સંપૂર્ણ વિશ્વાસ અને નિશ્ચય થાય તેવો પ્રસંગ બન્યો, જે મારા લૌકિક જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવવા માટે વિશેષ ચમત્કાર સિદ્ધ થયો.

એ દિવસે જ્યારે હું રાત્રે સૂઈ થઈ, તો ફરીથી મને એજ અવાજ સંભળાયો, ઓળખે છે? કોની સામે ઊભી છે ? તો મેં વિચાર્યું કે આજે બાબા સાથે દિવસે વાત થઈ છે, એટલે મને ઊંઘમાં સ્વપ્ન આવે છે. પછી જ્યારે સૂઈ જવા લાગી ત્યારે તો ઓરડામાં સૂર્યની લાઈટ (પ્રકાશ) સમાન રોશની થવા લાગી. જાણે કોઈ સર્ચ લાઈટ આવી રહી હોય તેવો તીવ્ર પ્રકાશ થયો. તેથી હું ઊઠી ગઈ.

તો શું જોયું. સફેદ લાઈટ વચ્ચેથી બાબા આવી રહ્યા હતા. એમાં ક્યારેક શ્રીકૃષ્ણ તો ક્યારે સાકાર બાબા દેખાતા હતા. આ રીતે બંને રૂપ વારાફરતી બદલાઈ રહ્યાં હતાં. તો મને વિચાર થયો કે આ મારા બાબા છે યા શ્રીકૃષ્ણ છે. આ રીતે જોતાં જોતાં બાબા મારી ઘણી જ નજીક આવ્યા. તો શ્રીકૃષ્ણના રૂપમાં મારી સાથે હાથ મિલાવવા લાગ્યા. જેવો મેં મારો હાથ એમના હાથમાં આપ્યો તો બાબા દેખાયા. બાબાના હાથમાં મારો હાથ છે. પછી ફરીથી તેઓ કૃષ્ણ બની જાય છે.

તો ફરીથી માનસિક રીતે સમજાયું કે મારા બાબા જ શ્રીકૃષ્ણ છે. એટલે ભગવાન છે તો જે વાત હું બિલકુલ નહોતી માનતી તે - બાબા ભગવાન - છે. તેનો એક સેકંડમાં બાબાએ નિશ્ચય કરાવી દીધો. કારણ એ સમયે શ્રીકૃષ્ણને જ ભગવાન માનતાં હતાં. બસ એ સમયથી જ મારી બુદ્ધિમાં પરિવર્તન આવી ગયું તથા હાથ મિલાવતાં મેં મનમાં જાણે પ્રતિજ્ઞા કરી કે-બસ! બાબા, મેં આપને ઓળખ્યા છે. આપ જે રીતે કહેશો, જેવું કહેશો, હું તે જ કરીશ. આવો પાકો નિશ્ચય કરીને બીજા દિવસે જ્યારે હું બાબાને મળવા ગઈ તો એવું લાગતું હતું કે, 'ખરેખર મારા બાબા ભગવાન છે.' અને જ્યારે મેં મુખથી આ વાત કહી તો બાબાએ

કહ્યું, 'બેટી, શું મનુષ્ય કદી ભગવાન હોઈ શકે છે?' મેં કહ્યું, હા બાબા આપ ભગવાન છો. એ દિવસથી મારી સમગ્ર દિનચર્યામાં મહાન પરિવર્તન આવી ગયું.

પહેલાં મારું જીવન ફેશનયુક્ત, ખાઓ, પીઓ અને આનંદ કરો એ વિચાર ધારાવાળું હતું. પરંતુ હવે એ આંતરિક રૂપથી બદલાઈ ગયું. મનમાં વૈરાગ્ય આવી ગયો તથા સાદગીવાળું જીવન ગમવા લાગ્યું. આમ તો ઘરમાં નોકર વગેરે સર્વકાંઈ હતું. હાથથી લઈને પાણી પીવાની પણ જરૂર નહોતી. પરંતુ હવે તો જે કામ પહેલાં કદી કર્યાં જ નહોતાં તે ઘણા પ્રેમથી કરવા લાગી. દા.ત. ભોજન બનાવવાનું શીખી. તો શરૂઆતમાં હાથે થોડું દાઝી. ઘરની સફાઈ વગેરે કાર્ય કરતી જોઈ સાસરિયાં આશ્ચર્ય વ્યક્ત કરવા લાગ્યાં. આને શું થઈ ગયું છે.

## બાબા દ્વારા ઈશ્વરીય શક્તિનો પહેલો આભાસ

એના પછી લગભગ એ મહિને હું બાબાની સાથે કાશ્મીર ગઈ. બીજા પણ લૌકિક સંબંધીઓ સાથે હતાં. ત્યાં એક વધુ આશ્ચર્ય જોયું. હું ખાસ ભણેલી નહોતી. ફક્ત બીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. છતાં પણ બાબાએ કહ્યું બેટી, જ્ઞાનની કેટલીક વાતો લખી લાવો. હું કહેતી કે બાબા મને કંઈ જ આવડતું નથી. મેં તો વેદ, પુરાણ, શાસ્ત્ર વાંચ્યાં નથી. છતાં પણ બાબાએ કહ્યું એટલે હા પાડીને એક ઝાડ નીચે બેસી જતી તથા કાગળ અને પેન લઈને બાબાને કહેતી કે બાબા આપને જે લખાવવું હોય, તે લખાવો. તો જોયું કે ત્રણ ત્રણ પાનાં લખ્યાં હતાં. પછી બાબાને બતાવતી હતી. તો બાબા કહેતા કે વાંચી સંભળાવો. તો સાંભળતાં એવું લાગતું હતું કે આ મારું લખાણ નથી. બાબાએ જ આ સર્વ મારા હાથે લખાવ્યું છે. આ પણ એક વિચિત્ર લીલા હતી. તથા તે જ જ્ઞાનની વાતો બાબા મુરલીના રૂપમાં સિંધ હૈદરાબાદ મોકલતા હતા. તેનાથી ત્યાં રોજ ક્લાસ થતો હતો. રોજ કાશ્મીરથી આ પ્રકારે લખવું, વાંચવું વગેરે કાર્યોને લીધે મારી બુદ્ધિમાં પણ બેસતું જતું હતું અને ત્યારે પવિત્રતા, નિર્વિકારી જીવન, સેવા અને ધારણા વગેરેની વાતો સ્વાભાવિક રીતે સારી રીતે સમજાઈ.

## સર્વગુણ સંપન્ન બનવાની યુક્તિ કર્મયોગી

હવે બાબા કહેતા હતા કે બેટી, સર્વગુણ સંપન્ન બનવા માટે સર્વ કાંઈ શીખવું જોઈએ, તો સર્વ પ્રકારનું ભોજન બનાવતાં શીખી. બાબા કહેતા કે તમને કોઈ ચીજ ખાવાની ઈચ્છા થઈ અને તે તમને બનાવતાં આવડતી નથી. તમે દાસીને કહેશો, ને તેણીને પણ બનાવતાં આવડતું નથી. તો તમારી ઈચ્છા પૂરી ના થઈ. તેથી તમો દાસીનાં પણ દાસી થઈ ગયાં. જો તમે તે બનાવતાં જાણો છો તો દાસીને પણ શીખવાડી શકો જે દાસી જેટલું પણ કાર્ય કરી શકતી નથી તો વિશ્વના મહારાજા કઈ રીતે બની શકે? તેથી મહારાણી બનવા માટે સર્વ પ્રકારનાં કાર્યો શીખવા જરૂરી છે.

આ રીતે બાબાએ વાતવાતમાં જ જૂતાં બનાવવાનું, ગાડી ચલાવવાનું, પુલ બનાવવાનું, સાઈકલ ચલાવવાનું પંક્ચર કરવાનું, ફોટો ખેંચવાનું, ધોવાનું, ટાંકી બનાવવાનું, વાસણો સાફ કરવાનું વગેરે વગેરે સર્વ કાંઈ પ્રેમથી શીખવાડી દીધું. મોટાં મોટાં વાસણોમાં મારો હાથ પહોંચતો નહોતો, તો તેમાં પેસીને સાફ કરતી હતી. એટલે કોઈપણ પ્રકારનું કામ કરવામાં નહોતી કોઈ તકલીફ, ના કોઈ માનશાન, પણ આખો દિવસ બધું કાર્ય ખુશી ખુશીમાં સહજ બની જતું હતું.

એક વખત કોઈનું ચંપલ તૂટી ગયું. તે બાબાની પાસે લઈને આવ્યા. બાબાએ કહ્યું બેટી, આ નાનકડું કામ છે તે કરી દો. તો મેં કહ્યું, બાબા હું કોઈ મોચી છું? તો ચંપલ બનાવું. તો બાબા બોલ્યા, બેટીનામાં મોચી જેટલી પણ અક્કલ નથી. તો સતયુગમાં મહારાણી કઈરીતે બનશો. બાબાના આવા જાદુ ભરેલા શબ્દોથી જ શક્તિ આવી જતી હતી. મેં બાબા તથા મમ્મા માટે પણ ચંપલ બનાવ્યાં. પછી તો સૌ માટે યજ્ઞમાં જ ચંપલ બનાવવાનું શરૂ થયું.

આ રીતે જે કામ કદી વિચાર્યું નહોતું, સમજ્યાં નહોતાં, વાંચેલા નહોતાં તે બાબાના કહેવાથી જ થઈ જતાં હતાં. જે આશ્ચર્યજનક છે. ગાડીનું આખું એન્જિનં ખોલતાં, એનું નામ તથા સાઈઝ લખતાં. પછી ફરીથી એને ફીટ કરીને ગાડી ચલાવતાં આનંદ થતો હતો. અમે એન્જિન બનાવવાનું પણ શીખી લીધું. આ રીતે દરેક કાર્ય કરવામાં જ આનંદ હતો.

## રડવાની આદત હંમેશને માટે બંધ

બાળપણમાં મને બહુ રડવું આવતું હતું. કોઈ મને જરાપણ કંઈ કહે, તો રડવું આવતું હતું. તો સૌ બાબાને કહેતાં હતાં કે તેને કંઈપણ કહીએ તો તે રડવા લાગે છે. બાબાએ મને બોલાવીને કહ્યું કે કેમ બેટી, તને રડવું આવે છે મેં કહ્યું બાબા, હું કામ પણ કરું છું. છતાં પણ તેઓ મને લડે છે. બાબા બોલ્યા બેટી, રડે છે વિધવા, તું તો (શિવસાજનની) સજની છો, તારો પતિ અમર છે. આજથી કદી રડીશ? બસ ત્યારથી લઈને આજ સુધી રડવાનું તો યાદ જ નથી. કેટલાક સમય પછી મારી લૌકિક માતાએ શરીર છોડ્યું ત્યારે હું તેણીની પાસે હતી. મારી ગોદમાં જ માતાનું મસ્તક હતું. એમનો આત્મા તારાની માફક મારા સામેથી ઊડી ગયો. તો ખબર પડી કે આત્મા ચાલ્યો ગયો છે. શરીર પડી રહ્યું છે. પછી બાબાને તાર દ્વારા સમાચાર મોકલ્યા તો બાબાનો પત્ર આવ્યો. બેટી સ્વસ્થ છે ને? 'અમ્મા મરે તો ભી હલુઆ ખાઓ, બીબી મરે તો ભી હલુઆ ખાઓ.' કારણ મારી માતા અને બાબાનાં પત્ની એક જ હતાં એટલે ત્યારથી જ્ઞાનમુરલીમાં બાબા સૌને આજ શિક્ષણ આપતા હતા. એ પછી મારાં લૌકિક ફોઈ (જેમણે મને દત્તક લીધી હતી) માતાની સમાન હતાં. એમણે શરીર છોડ્યું, બાબાએ શરીર છોડ્યું, મમ્માની સાથે તો શરૂઆતથી જ રહી હતી. એ સૌનાં શરીર ત્યાગ વખતે પણ કદી રડી નહીં. આ પણ બાબાનું વિશેષ વરદાન યા ચમત્કાર જ ગણો.

## ક્યારેય મુડ ઓફ નહીં

બાબાને અમે ક્યારેય મૂડ ઓફ (ઉદાસીન સ્થિતિમાં) જોયા નથી. સદા હસતા, શાંત, ગંભીર, તથા રમણિક જ જોયા.

## બાબાની નજરે અમીર-ગરીબ એક સમાન

બાબાને જે પણ મળતા તે કહેતા કે બાબા મને વિશેષ પ્રેમ આપે છે. કારણ બાબાની નજરોમાં અમીર ગરીબ, નાનાં મોટાંનું કોઈ જ્ઞાન નહોતું. બાબા સૌને બચ્ચા, બચ્ચા કહીને બોલાવતા હતા તથા પ્રેમ આપતા હતા. લૌકિકમાં અમારી જે મહિલા નોકર હતી તે કપડાં ધોતી હતી. જ્ઞાનમાં આવ્યા પછી પણ કપડાં તો તે ધોતી હતી. પરંતુ તે બાબાની સામે આવે તો સૌની જેમ તેને પણ પ્રેમથી ટોલી (પ્રસાદ) આપતા અને કહેતા કે આવો બેટી, ટોલી (પ્રસાદ) ખાઈને જાઓ. પહેલાં આવો વ્યવહાર કરતા નહોતા. બાબાને નોકર-માલિકનો કોઈ તફાવત નહોતો. આવા નિર-અહંકારી હતા અમારા મીઠા બાબા.

**॥ ઓમશાંતિ ॥**

# છેવટે બાબાએ મને બ્રહ્માકુમારી બનાવી જ દીધી

બ્ર.કુ. વેદાંતીબેન, નૈરોબી, આફ્રિકા



હું પહેલીવાર નવેમ્બર, 1965માં દાદી જાનકીજી સાથે મધુવન આવી હતી. અમારા ગ્રુપમાં આઠ વ્યક્તિઓ હતી. સંધ્યાકાળે અમે સૌ બાબાને મળવા એમના ઓરડામાં ગયાં. અમે સૌ બાબાની સામે બેઠાં હતાં. બાબા એક એકને દૃષ્ટિ આપી રહ્યા હતા. જ્યારે બાબાની દૃષ્ટિ મારા ઉપર પડી તો મને એવું લાગ્યું કે બાબાને બદલે ગુલાબોનો ઢગલો હતો જેમાંથી પ્રકાશ આવી રહ્યો હતો. આ ઘણું શક્તિશાળી દૃશ્ય હતું. એ પછી બાબા એકએકને વરદાન આપી રહ્યા હતા. જ્યારે હું બાબાની સામે ગઈ ત્યારે મારાં લૌકિક માતા પણ મારી સાથે હતાં. બાબા બોલે એ પહેલાં જ મારી માતાએ બાબાને સંબોધીને કહ્યું કે બાબા, આપ મારી પુત્રીને કહો કે લગન કરે. તેણી લગન માટે ના પાડે છે. મારી માતા તો ભક્તિ માર્ગના ગુરુની દૃષ્ટિથી બાબાને જોઈને વાત કરી રહી હતી. બાબાએ કહ્યું, 'માતા, તમે તો અત્યાર સુધી ભક્તિમાં ભગવાનને પતિતપાવન આવો, એમ કહીને પોકારતાં હતાં, આજે તમારી પુત્રી પાવન બનવા ઈચ્છે છે તો એને પતિત બનાવવા શા માટે ઈચ્છો છો? તમારી આ પુત્રી કદી પણ પતિત બનશે નહીં. તે પાવન બનીને વિશ્વની સેવા કરશે.' એ સમયે બાબાના મુખમાંથી આ વરદાન ભરેલા શબ્દો નીકળ્યા જે પાછળથી સાકાર બની ગયા.

### બેટી, તું આ કપડાં પહેરી રાખજે

જ્યારે હું જ્ઞાનમાં આવી ત્યારે જ્ઞાન તો ઘણું સારું લાગતું હતું પરંતુ મેં સારી રીતે નિર્ણય કર્યો હતો કે બ્રહ્માકુમારીનો સફેદ પોશાક કદી નહીં પહેરું. આ વાત મારા મનમાં જ હતી. મેં તે વિશે કદી કોઈને જણાવ્યું નહોતું. હું જ્યારે મધુવનમાં સાકાર બાબાની ઝૂંપડીમાં મળવા ગઈ તો બાબાએ અચાનક જ દરજીને બોલાવીને કહ્યું કે બેટી માટે બે જોડી કપડાં સીવી દો. હું મનમાં જ વિચારવા લાગી કે આ કપડાં મળશે તો રાખી મૂકીશ. કદી પહેરીશ નહીં. બે કલાક પછી બાબાએ મને બોલાવી અને નવાં સીવેલાં કપડાં મને આપીને કહ્યું કે બેટી, આ કપડાં લઈ જાઓ અને જલદીથી પહેરીને બાબાને બતાવો. હું આજ્ઞાકારી બનીને ઓરડામાં ગઈ અને પહેરીને જ્યારે બાબાની સામે આવી તો બાબા જોઈને કહેવા લાગ્યા. 'બેટી, તું મમ્મા (માતેશ્વરી જગદંબા સરસ્વતીજી) જેવી દેખાય છે. આ કપડાં સદાયે પહેરી રાખજે.' બ્રહ્માકુમારીનો આ ડ્રેસ પહેરીને અમદાવાદ ગઈ. આ ઘટના હું ક્યારેય ભૂલી શકતી નથી. બાબાએ મને બ્રહ્માકુમારી બનાવી જ દીધી. વાહ બાબા વાહ! કમાલ છે. આપની, જેમણે મને પોતાની બનાવીને મહાન બનવાનો રસ્તો બતાવ્યો.

### બાબાએ જ મારું નામ વેદાંતી રાખ્યું

મધુવન વરદાનભૂમિની મારી પહેલી યાત્રા દરમિયાન મનમાં કેટલાયે પ્રશ્નો ઉઠતા હતા પરંતુ પ્યાર ભરેલી બાબાની પહેલી મુલાકાતમાં જ બધા પ્રશ્નો જાણે હવામાં ઉડી ગયા. મારું લૌકિક નામ **'રંજન'** હતું. બાબાએ મને કહ્યું કે બેટી તે વેદ શાસ્ત્ર વગેરેનો ઘણો અભ્યાસ કર્યો છે તો બાબા તને વેદોનો અંત આપી રહ્યા છે. વેદોનો અંત 'ભગવાન' હવે તને મળી ગયા તો બાબા તને વેદનો અંત જાણનારી **'વેદાંતી'** કહીને જ

બોલાવશે. આ રીતે મારી નામકરણ વિધિ બાબાએ જ કરી. પછી બાબાએ પૂછ્યું. બેટી, તું વાદળ બનીને વરસીશ કે એમ જ ચાલી જઈશ અર્થાત્ શું જ્ઞાનની સેવા કરીશ ?

હવે મારો ઘેર પાછા ફરવાનો સમય આવી ગયો. હું પાછી લૌકિક ઘેર ગઈ. પરંતુ ભણવામાં મારું મન લાગતું નહોતું. બાબાના વરદાનો ભરેલા શબ્દો કાનમાં ગૂંજતા હતા. વારંવાર આ દૃશ્ય આંખોની સમક્ષ દેખાતું હતું. તે દિવ્ય અલૌકિક વાતો યાદ આવતી હતી. બસ મનમાં એ સંકલ્પ વારંવાર આવી રહ્યો હતો કે હવે તો મારે ઈશ્વરીય સેવામાં જોડાઈ જવું છે. સાથે સાથે શિવબાબાની યાદ પણ ઘણી જ આવી રહી હતી. મને ઘણું ખેંચાણ થતું હતું કે હું ઉડીને બાબાની પાસે ચાલી જાઉં. લૌકિક અભ્યાસમાંથી પણ સત્વરે મુક્ત થવાની ઈચ્છા થતી હતી. મનમાં એક જ ધૂન હતી. કે હવે સમયને ઈશ્વરીય સેવામાં સફળ કરવો છે. છ માસમાં જ પરિવારને સમજાવીને હું ઈશ્વરીય સેવામાં હાજર થઈ ગઈ. આજ સુધી મને એ અનુભવ થઈ રહ્યો છે કે બાબાના વરદાનોએ જ મને જીવવાનો સાચો રસ્તો બતાવ્યો, જેનાથી મારું જીવન ઘણું જ ઉચ્ચ અને શ્રેષ્ઠ બની ગયું છે.

## બાબાએ કહ્યું, સિંહણ બનીને ગર્જના કરો

બાબામાં જ્ઞાનથી પાલના કરવાની અદ્ભુત શક્તિ હતી. સાચા મા બાપનો પ્રેમ શું હોઈ શકે તે મેં બાબા પાસેથી મેળવ્યું. મારા માટે આશ્ચર્યની વાત એ હતી કે મારા મનમાં જે પણ વિચારો ચાલતા હતા તેની બાબાને પહેલેથી જ ખબર પડી જતી હતી. મારા જીવનનું ભવિષ્ય પણ બાબાની નજરોમાં પહેલાંથી જ સ્પષ્ટ હતું.

બાબાએ કહ્યું, બેટી, તું નોકરી કરીને ધનથી સેવા કરીને સતયુગમાં શાહુકાર બનવા

(અનુસંધાન પેજ નં. 18 પર)

(પેજ નં. 30નું અનુસંધાન)... **દાદા લેખરાજ**

સમયે દાદા લેખરાજ વિચારે છે કે મેં જે સાક્ષાત્કારમાં દુનિયા જોઈ એવી દુનિયા હું કેવી રીતે લાવી શકીશ? દાદા લેખરાજના શરીરમાં નિરાકાર શિવ પરમાત્માએ પ્રવેશ કરી અને તેમના મુખ દ્વારા પરિચય આપ્યો. આનંદ સ્વરૂપ શિવ હું જ છું. એક દિવ્ય પ્રકાશ અને અલૌકિક શક્તિનો અનુભવ કર્યો કે આવી દુનિયા મારે લાવવાની છે.

આમ દાદા લેખરાજ દ્વારા પરમાત્મા રોજ જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપતા જે જ્ઞાનનો રોજ સતસંગમાં આવનાર લોકો શ્રવણ કરતા જેને જ્ઞાન મુરલી કહેવામાં આવે છે. ભગવાનના વાક્યો જેમાં દિવ્ય જીવન બનાવવાની પ્રેરણા અને સાથે સાથે ઘર ગૃહસ્થમાં રહેવાની શિક્ષા પરમાત્મા આપે છે. આમ પરમાત્માએ દાદા લેખરાજનું અલૌકિક નામ પ્રજાપિતા બ્રહ્મા રાખ્યું જેમના દ્વારા વિશ્વ પરિવર્તનનું કાર્ય આરંભ્યું.

દાદા લેખરાજ જાન્યુઆરી માસની 18 તારીખે આ સાકાર શરીર છોડીને 93 વર્ષની ઉંમરે વિશ્વની સેવા હેતુ અવ્યક્ત બન્યા. પ્રભુ પિતાના પ્રથમ વિદ્યાર્થી પોતે પરમાત્મ પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને બીજાને પણ કરાવ્યું. આમ એક એવા મહાન ચિંતક, વિચારક, માનવ માત્રને શ્રેષ્ઠ રાહ બતાવનાર મનુષ્ય સૃષ્ટિના આદિ પિતા બ્રહ્મા બન્યા. દાદા લેખરાજ સંસારી હોવા છતાં યોગ સાધના દ્વારા સંસારમાંથી વિરક્ત બન્યા. તેઓ હજારો લોકોના માર્ગદર્શક, તારણહાર બન્યા. અધ્યાત્મને દેશના સીમાડા નથી હોતા. તેમનો સંદેશ ઝીલવા સમગ્ર વિશ્વ તત્પર બન્યું છે. એવા યુગ વિધાતા બ્રહ્મા પિતાને શત શત નમન.

**॥ ઓમશાંતિ ॥**

# શિવના નંદી - પ્રજાપિતા બ્રહ્મા

બ્ર.કુ. ગાયત્રીબેન, કોલાબા, મુંબઈ

સહસ્ત્રાબ્દી અર્થાત્ એક હજાર વર્ષના પૂરા સમયગાળાને મિલેનિયમ તરીકે ઓળખવામાં આવે છે. ખ્રિસ્તી પંચાંગ મુજબ હવે ઈસ્વીસન મુજબ બે હજાર વર્ષ પૂરા થઈ રહ્યા છે અને નવી સહસ્ત્રાબ્દી શરૂ થઈ છે. કેટલાક લોકો ઈ.સ. 01-01-2001 થી નવી સહસ્ત્રાબ્દી અર્થાત્ નવું મિલેનિયમ શરૂ થવાની માન્યતા ધરાવે છે. પરંતુ મોટા ભાગના લોકો પહેલી જાન્યુઆરી બે હજાર (તા. 01-01-2000)ના દિવસથી નવા મિલેનિયમને વધાવવાની તૈયારીઓ કરી રહ્યા છે. નવા મિલેનિયમમાં એકવીસમી સદીમાં અવનવી ઘટનાઓ આ ભૂમંડલ પર આકાર લેવાની છે. પ્રકૃતિના પાંચ તત્ત્વોની ભારે આપત્તિઓ, પરસ્પર વર્ગ વિગ્રહ (ગૃહ-યુદ્ધ) અને અણુશસ્ત્રો દ્વારા યુદ્ધથી વર્તમાન કલહયુગી સૃષ્ટિનો શુભારંભ થશે. સોળે કળા સંપૂર્ણ શ્રીકૃષ્ણના આત્માના અગાઉના જન્મધારી દેહનું નામ જાણો છો?.. અને તે નામ છે - પ્રજાપિતા બ્રહ્મા, જે નિરાકાર ભગવાન શિવના અવતરણના સાકાર માધ્યમ બન્યા. આદિદેવ પ્રજાપિતા બ્રહ્મા જ શિવના નંદી, શિવની સવારી માટેનો રથ બન્યા. ભૂતકાળની સહસ્ત્રાબ્દીના, વીતેલ મિલેનિયમના યુગ પુરુષ છે - પ્રજાપિતા બ્રહ્મા, પ્રવર્તમાન સંગમયુગ કલ્પના પરિવર્તનનો અમૂલ્ય સમય છે. 'બ્રહ્મા સો વિષ્ણુ' અર્થાત્ બ્રહ્માપિતા ભવિષ્યમાં સતયુગમાં શ્રીકૃષ્ણ બને છે. જે સ્વયંવર પછી વિષ્ણુ અર્થાત્ નારાયણ તરીકે ઓળખાય છે.

ઈ.સ. 1876માં દેશની આઝાદીના પહેલાં અખંડ હિંદુસ્તાનના (હાલના પાકિસ્તાનના) સિંધ પ્રાંતમાં ગામડાની એક શાળાના હેડમાસ્ટરને ત્યાં કૃપલાની પરિવારમાં એક પુત્રનો જન્મ થયો. જેનું નામ હતું લેખરાજ, તેમના લૌકિક પિતાને જન્મ સમયે કયાં ખબર હતી કે તેમનો પનોતો પુત્ર ભવિષ્યમાં સર્વ મનુષ્યાત્માઓનો ઉદ્ધારક 'ગ્રેટ ગ્રેટ ગ્રાન્ડ ફાધર'બની જશે?

દાદા લેખરાજ ભક્તિ પરાયણ, સાત્વિક કોટિના ગુણસંપન્ન શ્રેષ્ઠ પુરુષ હતા. લેખરાજ દાની સ્વભાવના હતા. અન્ન, વસ્ત્ર, સોનાનું પોતે દાન આપતા અને પોતાના બાળકો દ્વારા પણ દાન અપાવતા. બાળકો વહેલા ઉઠે, સ્નાન કરે, પૂજાપાઠ કરે, ભગવાન પ્રત્યે ભાવના કેળવે અને સારા સંસ્કારો ધારણ કરે તેવી ટેવ બાળપણથી જ પાડવામાં આવતી, તેમના ઘરનું વાતાવરણ એક મંદિર જેવું હતું. ઘરમાં જ નાનકડું પૂજાના સ્થાન માટે મંદિર હતું. જેમાં પૂજાપાઠ, માળા, ભજન, કીર્તન, આરતી, ગુરુઓનું આગમન અને સત્સંગનો કાર્યક્રમ ચાલતો હતો. તેઓ દરરોજ ગીતાનો પાઠ કરતા અને નારાયણ (વિષ્ણુ)ની ભક્તિ કરતા. ઘરમાં પૂજાપાઠ વિના કોઈને પણ ખાવાપીવાની રજા આપવામાં આવતી નહિ. ઘરમાં સાત્વિક આહાર લેવાતો. તામસિક ભોજન, દારૂ, સિગારેટ કે વ્યસનનું નામનિશાન ન હતું. મહેફિલ કોઈ પ્રસંગે રાખવામાં આવે ત્યારે અથવા રાજાઓ કે અંગ્રેજો માલ ખરીદવા આવે ત્યારે દારૂ કે સીગારેટ પીવડાવામાં આવતા નહિ. ટૂંકમાં દાદા પોતાના સત્ય ધર્મમાં અડગ રહેતા. પરિવારના સભ્યોનું પાલન પણ લાડપ્રેમથી કરતા. અનાજના વેપારથી શરૂઆત કરીને પોતાની કુશાગ્ર બુદ્ધિથી હીરા ઝવેરાતનો ધંધો શરૂ કર્યો. ઝવેરીના ધંધામાં ફાવટ આવી ગઈ અને અઢળક સંપત્તિના માલિક

બન્યા. દાદા લેખરાજને લોકો પ્રેમથી લખીરાજ બાબુ નામથી સંબોધતા. કલક્તામાં તેમનું નિવાસ સ્થાન હતું. નેપાળ અને ઉદેપુરના રાજાઓ સાથે પણ તેમની ઝવેરાતનો ધંધો અને ગાઢ સંબંધ હતો.

ધનાઢ્ય હોવા છતાં 'સાદું જીવન, ઉચ્ચ વિચાર'ના સૂત્રમાં માનતા હતા. તેમનામાં ક્રોધ કે ગુસ્સો અંશમાત્ર હતો નહિ. અપશબ્દ બોલવા કે થપ્પડ યા માર મારવાનો તો પ્રશ્ન જ ન હતો. નારી સમાજ પ્રત્યે તેઓને માન હતું. પ્રભુની પ્રાપ્તિ માટે તેઓએ જીવનમાં બાર ગુરુઓ કર્યા હતા અને ગુરુઓ પ્રત્યે અપાર આદર માન હતાં. ગુરુના બુલાવાને કાળનો બુલાવો ગણીને ગુરુની આજ્ઞાને માથે ચઢાવવા. દાદા લેખરાજે ક્રમશઃ પ્રભાવશાળી મનમોહક વ્યક્તિત્વ પ્રાપ્ત કર્યું તથા સ્નેહપૂર્ણ, નમ્ર, શિષ્ટ વ્યવહારમાં પણ કૌશલ્ય મેળવ્યું. સમાજમાં તેમના સદાચારી વર્તનથી માન પ્રતિષ્ઠા વધ્યાં અને રાજાઓ પણ તેમના રાજાઈ સંસ્કારોથી પ્રભાવિત થતા.

ઈ.સ. 1936-37માં આશરે 60 વર્ષની ઉંમરે તેમના જીવનમાં અદ્‌ભુત ક્રાંતિકારી મહાન પરિવર્તન આવ્યું. તે સમયે ભારતમાં ગુલામીમાંથી મુક્ત થવા રાજકીય સ્વતંત્રતાની ચળવળ ચાલતી હતી. પરંતુ અંધશ્રદ્ધા, કુરિવાજો, અર્થવિહીન ધાર્મિક વિધિઓ, આડંબર, દંભ, નકામા રીતરિવાજો તથા વિકારોની ગુલામીમાંથી માનવીઓને મુક્ત કરવાનો કોઈ કાર્યક્રમ ચાલતો ન હતો. ધર્મગ્લાનિનો સમય જ ગણોને ! ગીતામાં આપેલા વાયદા અનુસાર સત્ય ધર્મની સ્થાપના માટે પરમાત્માના અવતરણનો સમય આવી પહોંચ્યો. એક ગુરુનો સત્સંગ ચાલતો હતો ત્યારે દાદા લેખરાજ અધવચ્ચે ઉભા થઈને પોતાના રૂમમાં એકાંતમાં ધ્યાનસ્થ થઈને બેઠા તો તેમને જ્યોતિ સ્વરૂપ શિવ પરમાત્માનો દિવ્ય સાક્ષાત્કાર થયો અને ગેબી અવાજ સંભળાયો કે

નિજાનંદ સ્વરૂપમ્ શિવોહમ્

જ્ઞાન સ્વરૂપમ્ શિવોહમ્

પ્રકાશ સ્વરૂપમ્ શિવોહમ્

દાદાને ક્રમશઃ મુંબઈ અને બનારસમાં કલિયુગી સૃષ્ટિના મહાવિનાશના અને ભવિષ્યમાં આવનાર સ્વર્ગીય દેવતાઈ દુનિયાના સાક્ષાત્કારો અલગ અલગ રીતે થતા રહ્યા. વિષ્ણુનો સાક્ષાત્કાર થતાં તેઓએ જણાવ્યું કે 'અહમ્ ચતુર્ભુજ વિષ્ણુ, તત્ ત્વમ્' અર્થાત્ 'હું વિષ્ણુ ચતુર્ભુજ છું. જે તું છે', નિરાકાર પરમપિતા પરમાત્મા શિવે સંકેત કર્યો કે હવે દાદાએ નિરાકાર ભગવાન શિવના અવતરણ માટેના સાકાર માધ્યમ બનવાનું છે અને ભવિષ્યની સતયુગી સૃષ્ટિની સ્થાપના માટે નિમિત્ત બનવાનું છે. આ બાબતનો નિશ્ચય થતાં જ દાદાએ પોતાનો ઝવેરાતનો ધંધો છોડી ભાગીદારે હિસાબમાં જે સંપત્તિ આપી તે ઈશ્વરના ચરણે ધરી દીધી. સિંધ પ્રાંતના હૈદ્રાબાદ શહેરમાં વતનમાં તેઓએ સત્સંગ શરૂ કર્યો. 'ઓમ્ ઓમ્'ની ધૂન લગાવનારાઓને સાક્ષાત્કારો થવા લાગ્યા.

સાક્ષાત્કારો થયા પછી કે દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયા પછી મહાપુરુષોના નામ બદલાઈ જતા હોય છે. બૌદ્ધ ધર્મના સ્થાપક રાજા સિદ્ધાર્થનું કેવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયા પછી તેમનું નામ 'ગૌતમ બુદ્ધ' પડ્યું. જૈન ધર્મના સ્થાપક રાજા વર્ધમાનનું તપસ્યા પછી દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયા પછીનું નામ 'મહાવીર સ્વામી' પડ્યું. સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર હતું. પરમાત્માએ દાદાના તનમાં પ્રવેશ કર્યા પછી, આ ભાગ્યશાળી રથનું નામ દાદા લેખરાજમાંથી 'પ્રજાપિતા બ્રહ્મા'નું નવું નામાભિધાન કર્યું. હવે હકીકતમાં પ્રજાપિતા બ્રહ્મા

ભગવાન શિવની સવારી માટેના વાહન 'નંદી' બન્યા. આમ પ્રજાપિતા બ્રહ્મા નિરાકાર શિવના અવતરણ માટેના સાકાર માધ્યમ બન્યા. આદિ દેવ આદિનાથ બન્યા. બ્રહ્મા દ્વારા નવી સૃષ્ટિની સ્થાપનાનું ગાયન પણ છે. ગીતામાં જણાવ્યું છે કે ધર્મગ્લાનિના સમયે ભગવાન સાધારણ વૃદ્ધ માનવીના તનમાં પરકાયા પ્રવેશ કરે છે. તેથી કરોડોમાં કોઈ જ તેમને ઓળખી શકે છે. પરમાત્માના પરકાયા પ્રવેશ માટેનું તન એજ પ્રજાપિતા બ્રહ્માનું તન કે જે 60 વર્ષની ઉંમરવાળું વૃદ્ધ તન. સાધારણ માનવીમાં પરમાત્માનું અવતરણ થતું હોવાથી કોઈક જ આ રહસ્યને ઓળખી શકે છે. નિરાકાર શિવે બ્રહ્માના મુખ દ્વારા બ્રાહ્મણોની રચના કરી. આ સાચા બ્રાહ્મણો બ્રહ્મા-વત્સો બ્રહ્માકુમારી અને બ્રહ્માકુમારીઓ તરીકે ઓળખાય છે.

પ્રજાપિતા બ્રહ્માએ 'ૐ મંડળી'ની સ્થાપના કરી અને પોતાની અઢળક સ્થાવર અને જંગમ મિલકત માતાઓનું ટ્રસ્ટ બનાવી સમર્પિત કરી. રાધા નામની કન્યાનું નામ બદલીને 'મમ્મા' કે 'સરસ્વતી' રાખવામાં આવ્યું. જેણે યજ્ઞમાતા તરીકે કારોબાર સંભાળ્યો. સત્સંગમાં 'ઓમ્'ની ધૂન લગાવતાં કેટલાક આત્માઓને પ્રજાપિતા બ્રહ્મામાં શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર થતા. નારી સત્ય પ્રિય, સહનશીલ, વાત્સલ્ય ભાવવાળી સ્નેહમયી હોવાથી બ્રહ્માએ ઈશ્વરીય કારોબાર અર્થાત્ જ્ઞાનનો કળશ કન્યાઓ અને માતાઓને શિવે મૂકીને 'વંદે માતરમ્'ની ભાવનાને ચરિતાર્થ કરી. 'ૐ નિવાસ'માં બાળકો માટે હોસ્ટેલની સ્થાપના કરી. જ્યાં ઈશ્વરીય જ્ઞાન આપવામાં આવતું. પવિત્રતા અર્થાત્ બ્રહ્મચર્યની ધારણાને કારણે સમય જતાં ત્યાંના સમાજમાં આ સત્સંગનો વિરોધ થયો. દાદાને પણ અનેક કલંકો સહન કરવાં પડ્યાં. છતાં તેઓ અચલ અડોલ રહ્યાં. છેવટે સત્યનો વિજય થયો અને ઈ.સ. 1937માં 'ૐ મંડળી'નું 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય'ના નામાભિધાનમાં રૂપાંતરણ થયું.

પિતાશ્રી બ્રહ્માની નજરોમાં અમીર-ગરીબ કે નાના-મોટા એવો કોઈ ભેદભાવ ન હતો. દરેકને ઘરડા કે બાળકને બધાને તેઓ 'બચ્ચા' કહીને બોલાવતા તથા પ્રેમ આપતા. તેઓ સદાચારી, પ્રામાણિક, સાદગીવાળા, ઉદ્યમી, નિઃસ્વાર્થ સેવા ભાવવાળા, કર્મયોગી, શાંત, ગંભીર, રમણિક, નિરહંકારી હતા. તેમની કથની-કરની સમાન હતી. સિદ્ધાંત અને વ્યવહારમાં એકતા હતી તથા આંતર-બાહ્ય સરળતા, સદ્ભાવના હતી. તેઓ યોગીઓમાં સર્વ શ્રેષ્ઠ મુકુટમણિ હતા. લેખરાજ નામના મહાપુરુષે 'રાજ-લેખ' લખીને સતયુગના પ્રથમ રાજકુમાર શ્રીકૃષ્ણનું પદ પ્રાપ્ત કરી લીધું અને અનેક આત્માઓ માટે તીવ્ર પુરુષાર્થ દ્વારા લક્ષ્મી-નારાયણ પદ પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું.

93 વર્ષની ઉંમરે 32 વર્ષ સુધી અથક સેવા કરીને તા. 18-01-1969ના રોજ નાશવંત પાર્થિવ દેહ છોડીને તેઓ અવ્યક્ત વતનવાસી ફરિશ્તા બન્યા. 'નિરાકારી, નિરહંકારી, નિર્વિકારી' બનવાનો સંદેશ આપી દાદી પ્રકાશમણિજીના હાથમાં હાથ મૂકી સર્વ શક્તિઓ ભરી દઈ અંતિમ શ્વાસ છોડ્યો. આજ પર્યંત અવ્યક્ત બ્રહ્માબાબા નિરાકાર શિવબાબાની સાથે નવી સતયુગી દૈવી દુનિયાની સ્થાપનામાં ફરિશ્તા સ્વરૂપે સેવા કરી રહ્યા છે અને સૌને કર્માતીત સંપૂર્ણ બનવાનો ઈશ્વરીય સંદેશ સંભળાવી રહ્યા છે. અવ્યક્ત થયા પછી બાપદાદા બંનેના અવતરણનો રથ ગુલઝારદાદીનું તન છે. 18મી જાન્યુઆરીનો દિવસ અવ્યક્ત સ્મૃતિ દિન કે પુણ્યતિથિ તરીકે

સમગ્ર વિશ્વના બ્રહ્માકુમારીઝના સેવાકેન્દ્રોમાં સામૂહિક યોગાભ્યાસ, યોગભઠ્ઠી કરીને મનાવવામાં આવે છે. પ્રજાપિતા બ્રહ્માએ 'પવિત્ર બનો, રાજયોગી બનો'નો અમૂલ્ય સંદેશ આપી. 'સ્વપરિવર્તન દ્વારા સર્વત્ર પરિવર્તન' કરવામાં બ્રહ્માવત્સોને લગાડી દઈ આધ્યાત્મિક ક્રાંતિના દૂત, નવયુગ પ્રવર્તક તથા મહાન સમાજ સુધારક સાચા અર્થમાં બનીને નામ અમર કરી ગયા.

આ વિશ્વ નવનિર્માણનું કાર્ય કેવળ બ્રહ્માનું નહિ પણ કરનકરાવનહાર શિવબાબાનું હોવાથી તેમના અવ્યક્ત થયા પછી આ સંસ્થા બીજી સંસ્થાઓની જેમ ભાંગી ન પડતાં ઉલટું દિન પ્રતિદિન 'દિન દુગુની રાત ચૌગુની'ની જેમ હરળફાળની તીવ્ર ગતિએ સમગ્ર વિશ્વમાં સાત સમુંદરની પાર પાંચે ખંડોમાં પ્રકાશમણિ દાદીના નેતૃત્વમાં પ્રસરી ગઈ. ફોલો ફાધર માટે બાબાની બોધપ્રદ શિખામણોનો સાર આ પ્રમાણે છે.

- કમ બોલો, ધીરે બોલો, મીઠા બોલો, સોચકર બોલો, શાંત સ્વસ્થ અંતર્મુખી રહો, મૌન પાળો સહનશીલ બનો.
- પોતાને આત્મા સમજી સર્વમાં આત્મા જોવાની ટેવ પાડી એક શિવબાબાની યાદમાં રહો. કર્મયોગી બનો.
- વિકારોથી મુક્ત બની સંપૂર્ણ પવિત્રતા ધારણ કરી હંસની જેમ ગુણગ્રાહી બની સર્વ ગુણોને ધારણામાં લાવો.
- તમારા તન, મન, ધનને સેવામાં લગાઓ. ટ્રસ્ટી બનીને રહો. સમય, સંકલ્પ, શ્વાસના ખજાનાને સફળ કરો. ખુદાઈ ખિદમતગાર બનો.
- આડી અવળી વ્યર્થ વાતો ન સાંભળો કે ને સંભળાવો. સંગની સંભાળ રાખો. સાત્વિક ભોજન લો. દરરોજ ક્લાસ કરો.
- ગફલત ન કરો. થઈ ગયેલ ભૂલનો એકરાર કરી બતાવી દો. ફરીથી ભૂલ ન થાય તે માટે દૃઢતા કેળવો. ઈચ્છાઓના દાસ ન બનો.
- બેહદની વૈરાગ્ય વૃત્તિ કેળવો. જીવનની ઘટનાઓ પ્રત્યે સાક્ષી બની શિવબાબાને સાથી બનાવી યોગબળથી પાપોને ચૂક્તુ કરો. બોજમુક્ત, બેફિકર, ડબલ લાઈટ રહો.
- દિનચર્યાનું ટાઈમટેબલ બનાવી વળગી રહો. અમૃતવેળાએ ઉઠી પાવરફુલ યોગ કરો. યાદ અને ધારણાનો ચાર્ટ રાખી ચેન્જ કરતા રહો. પરચિંતન છોડી સ્વચિંતન કરો. અભી નહી તો કભી નહીં.
- વિઘ્નવિનાશક બનો. વિઘ્નકર્તા નહિ પરંતુ વિઘ્નહર્તા બનો. સમસ્યા સ્વરૂપ નહિ પરંતુ સમાધાન સ્વરૂપ બનો. આ માટે નમવું પડે તો જરૂર ઝુકી જાવ. બીજાની ઈર્ષ્યા ન કરો સદા સંતુષ્ટ રહો.
- સદા ઉમંગ-ઉત્સાહમાં ખુશ રહો. બીજાઓને મદદરૂપ બની ખુશ કરો. પોઝીટીવ આશાવાદી બની શુભભાવનાને પ્રસરાવો.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 14નું અનુસંધાન)...છેવટે બાબાએ મને**

ઈચ્છે છે પરંતુ બાબાને તમારું ધન નથી જોઈતું. બાબાને તો તમારા જેવી બેટીઓ જોઈએ છે. બાબાએ કહ્યું, લૌકિક બંધનોની વાતો સંભળાવવી અર્થાત્ બકરીની જેમ બેં બેં કરવું. હવે સિંહણ બનીને ગર્જના કરો. આ રીતે બાબાએ મને નિર્બંધન બનાવી દીધી અને હું સમર્પિત થઈને સેવા કરવા લાગી.

**॥ ઓમશાંતિ ॥**

# પ્રજાપિતા બ્રહ્મા સાથેના મારા અનુભવો

બ્ર.કુ. પૂર્ણિમાબેન, નડીયાદ



બાબાની સાથે વીતેલું બાળપણ, પળો અમૂલ્ય અને સ્મરણીય છે. તે અનુભવો થોડા દિવસના છે, દુર્લભ છે. તેમાંની કેટલીક ઘટનાઓતો આજે કેટલાંયે વર્ષો પછી પણ મને યાદ આવે છે. બાળપણની ઈશ્વરીય અલૌકિક ખુશીઓ કંઈક જુદી જ હતી. સાકારબાબા (પ્રજાપિતા બ્રહ્મા) સાથે વીતેલું બાળપણ યાદ કરતાં જ મન નાચી ઉઠે છે અને દિલ ગાવા લાગે છે. બાબાની સાથે મધુવનમાં રહેવું એ જાણે જીવનની વસંત હતી. આ વસંતમાં ખિલેલું સુંગધીદાર ફૂલરાજા કહો કે રુહેગુલાબ કહો તે હતા - સાકારબાબા.

## અજબ વ્યક્તિત્વ

છ ફૂટ કરતાં પણ વધારે ઊંચા કદવાળા બાબાના મનની ઊંચાઈને તો માપવી પણ મુશ્કેલ છે. આકાશની ઊંચાઈને સ્પર્શીને એની ઉપર પરમધામ નિવાસી શિવ પિતાની પાસે પહોંચીને રુહરિહાન (આત્મીય વાર્તાલાપ) કરવી અને ધરા પર પગ રાખીને બાળકો (બ્રહ્માવત્સો) સાથે વાત કરવી આ અજીબ જીવનશૈલી હતી અને અનોખું દૃશ્ય હતું.

બાબા મધુવનમાં બાળકોના આકર્ષણ બિન્દુ હતા. એવું પણ અનુભવાતું હતું કે શિવબાબાને પણ સાકાર બાબા પ્રત્યે અને સાકારબાબાને શિવબાબા પ્રત્યે અતિદિવ્ય આકર્ષણ હતું. શિવબાબા વારંવાર સાકાર બ્રહ્મા તનમાં આવતા રહેતા. શિવબાબાની પ્રવેશતા સાકારબાબાની પવિત્રતા, સૌન્દર્ય અને દિવ્યતાની ચરમસીમા હતી. આવા બાપદાદાનાં (પરમપિતા શિવ પરમાત્મા અને પ્રજાપિતા બ્રહ્મા) સાક્ષાત દર્શન વિનાશી શબ્દો અને દૃષ્ટાંતો દ્વારા કરાવવાં અસંભવ છે. પરમપિતા અને મહાપિતાના સાન્નિધ્યનાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, શીતળતા અને પવિત્ર જીવનની અનુભૂતિ અને દિવ્ય આનંદના અનુભવ સમક્ષ સ્વર્ગીય સુખ સમૃદ્ધિ પણ નીરસ અને ફિક્કાં લાગતાં હતાં. એ સમયની મહાન પળો દેવતાઓ માટે પણ દુર્લભ હતી.

બાબાની સાથે રહીને અનાજ સાફ કરવું. ભોજન બનાવવું અને પછી બાબાની સાથે જ ભોજન કરવું એ પણ દેવતાઓ માટે દુર્લભ છે. બાબા સાકારમાં હોવા છતાં, બાળકોની સાથે રહેવા છતાં, બાળકોને મળવા છતાં ઉપરામ દેખાતા હતા. બાબા ક્યારેક બાપના રૂપનો, તો ક્યારેક જિગરી દોસ્તના રૂપનો, તો ક્યારેક સાજનના રૂપનો અનુભવ કરાવતા હતા. બાબા દ્વારા બાળકોનું સ્વાગત કરવું, પાલના કરવી, શિક્ષણ આપવું ખેલપાલ કરવી અને વિદાય આપવી - આ સૌ પળો અલૌકિક અને દર્શન યોગ્ય હતી.

મેં અનુભવ કર્યો કે મધુવન (પાંડવ ભવન, માઉન્ટ આબુ)માં પગ મૂકતાં જ મુખ્ય દ્વાર પર ઊભા બાબા દ્વારા શીતળ દૃષ્ટિ આપવી, મધુર શબ્દ બોલવા, પિસ્તા, બદામ, સાકરની ટોલી (પ્રસાદ) મુખમાં નાંખવી અને બાળકોનું બાબાની ગોદીમાં સમાઈ જવું. આ સર્વથી જન્મ જન્મનો થાક દૂર થઈ જતો. બાબાની છત્રછાયામાં જ્ઞાન ભોજન મળતું. જ્ઞાનામૃતથી આત્માઓમાં અખૂટ શક્તિ

ભરાઈ જતી હતી. આ પળો સંપૂર્ણ દિવ્યતાનો અનુભવ કરાવતી હતી.

## આ બાળકી આપની નહીં, ભગવાનની છે.

અમારો સમગ્ર પરિવાર ભક્તિમય હતો. પરિવારમાં શિવજીની પૂજા, ગાયત્રીમંત્ર અને અંબામાતાની દરરોજ આરતી થતી હતી. બાળપણથી જ મને પ્રભુપ્રાપ્તિની તીવ્ર ઈચ્છા હતી. પ્રભુ પ્રાપ્તિ માટે ઘર છોડીને જંગલમાં જવાનો સંકલ્પ પણ, ક્યારેક ક્યારેક તીવ્ર થઈ જતો હતો. આની વચ્ચે અચાનક જ ઘરમાં પ્રભુ પ્રાપ્તિનો અનુભવ થયો. ઈશ્વરીય સંદેશ આપવા માટે બ્રહ્માકુમારી બહેનોએ ઈ.સ. 1966માં અમારા ઘરમાં જ ગીતા પાઠશાળા શરૂ કરવાનો સંકલ્પ કર્યો અને અચાનક જ દાદી જાનકીજી અમારા ઘેર આવ્યાં. દાદી (જાનકીજી) ગીતા પાઠશાળા માટે મારા લૌકિક પિતાજીને મળવા આવ્યાં હતાં. એ સમયે હું દાદીજીની સામે બેઠી હતી. મને જોતાં જ દાદીએ કહ્યું કે 'આ બાળકી આપની નહીં, ભગવાનની છે. આપ બાળકીને ભગવાનને સોંપી દો.' કેટલાક સમય પછી પિતાજી મધુવન ગયા. બાબાએ મને જોઈ પણ નહોતી અને બાબાએ પિતાજીને કહ્યું કે જનક બેટી જણાવી રહી હતી કે આપની લૌકિક બેટી આપની નહી, બાબાના યજ્ઞની છે. યજ્ઞની સેવામાં એને જોડવાની છે.' દાદીજીનો સંકલ્પ, બાબાનું કહેવું અને ત્રીજી વાત એ બની કે જ્યારે મમ્મા અવ્યક્તરૂપમાં આવ્યાં તો મમ્માએ પણ મારા પિતાજીને મારા જીવનને યજ્ઞ માટે સમર્પિત કરવાનું કહ્યું, મારા જીવનનું એ સૌભાગ્ય છે. કે હું સ્વયં ઈશ્વર માતાપિતા અને મહારથીઓની પસંદ છું. મહાપિતા અને પરમપિતા બંનેના પ્રેમની એકઠી વર્ષા થતી હતી.

છેવટે પ્રભુમિલનનો એ દિવસ આવ્યો જેની હું ભક્તિમાં રાહ જોતી હતી. અમને સાત કન્યાઓને બ્ર. કુ. દમયંતીબેન ઈ.સ. 1966માં મધુવનમાં બાપદાદાની પાસે લઈ ગયાં. મધુવનના પ્રાંગણમાં જતાં જ સ્વયં બાબાએ અમારું સ્વાગત કર્યું. બાબાની પ્રેમભરી દૃષ્ટિ અને પ્રભાવશાળી વ્યક્તિત્વે અમને એજ ક્ષણે ચુંબકની જેમ ખેંચી લીધાં હતાં. બાબાએ 'આવો મારાં મીઠાં મીઠાં બાળકો' કહીને સંબોધ્યા અને કહ્યું બાળકો, થાકી તો નથી ગયાં ને? સારું સ્નાન, ચા નાસ્તો કરીને તૈયાર થઈને આવો. બાબા ફરીથી આપને મળશે. બાબા સાથેની પહેલી જ મુલાકાતની અલૌકિક અને અદ્ભુત ક્ષણો આજે પણ ચિત્ત પર અંકિત છે. બાબા સાથેએ સાંજે જ મળવાનું થયું. બાબાએ અમ સૌનો પરિચય મેળવ્યો એ ક્ષણે અમે એ અનુભવ કર્યો કે જાણે વરસોથી ખોવાયેલાં મા બાપને મેળવી લીધાં હોય. મને એવો અનુભવ થતો હતો કે હું પહેલીવાર નહીં કેટલીયેવાર અહીં આવી છું. બાબા બેટી, બેટી કહીને બોલાવતા. બાબા વાતો કરતા ત્યારે એવું લાગતું હતું કે જાણે સાકાર બાબાના તનમાં શિવબાબા પણ આવીને વાતો કરે છે. એ ક્ષણે મને એવો અનુભવ થતો હતો કે બાબાના શબ્દો જાણે બદલાઈ રહ્યા છે. બાબાના તનમાં જ્યારે શિવબાબા પ્રવેશ કરીને વાતો કરતા હતા તે સમયે બાબાનું મસ્તક તેજોમય સૂર્ય જેવું જણાતું હતું. દૃષ્ટિથી શક્તિ તથા સ્નેહના કિરણો અમારામાં ભરી રહ્યાં હોય એવો અનુભવ થતો હતો.

બીજા દિવસે સવારના ક્લાસમાં બાબાના આવ્યા પછી અમે પહોંચ્યાં. હિસ્ટ્રી હોલમાં અમે સાત કન્યાઓ પાછળ બેઠી હતી. અમારા ઉપર બાબાની નજર પડી અને બાબાએ કહ્યું, પાછળથી આગળ આવી જાઓ. પછી કહ્યું, જુઓ આજે સાત કન્યાઓ આવી છે. એક કન્યા સો બ્રાહ્મણો બરાબર. આજે તો મધુવનના ક્લાસમાં સાતસો

બ્રાહ્મણો બેઠેલા છે. આ રીતે બાબા કન્યાઓની ઘણી મહિમા કરતા રહ્યા અને કહ્યું કે આ સાત શીતળાઓ છે.

## બેટી, તૂં પૂર્ણ - મા છો

ક્લાસ પછી બાબા સાથે કન્યાઓનો વ્યક્તિગત પરિચય થયો તો બાબાએ મને કહ્યું, બેટી, અભ્યાસ કરીને શું કરીશ. અભ્યાસ છોડીને બાબાની સેવામાં જોડાઈ જવાનું છે. બાકીની છ કન્યાઓને અભ્યાસ કરવાનું કહ્યું, સ્વાભાવિક રીતે કન્યાઓને પ્રશ્ન થાય કે બાબાએ અમને અભ્યાસ કરવાનું કેમ કહ્યું. એક અભ્યાસ છોડે, બાકીની કન્યાઓ અભ્યાસ ના છોડે. બાબાએ કહ્યું કે બાબા તો દરેક બાળકની જન્મપત્રી જાણે છે. પૂર્ણિમા બેટીના અભ્યાસ છોડવામાં અને બાકીની સર્વ કુમારીઓના અભ્યાસ કરવામાં જ કલ્યાણ છે. પછી બાબાએ મને કહ્યું બેટી, તારે અહીંથી સીધા જઈને સેવાકેન્દ્ર ઉપર જ રહેવાનું છે. જતાં પહેલાં બાબાની રજા લઈને જજે. બાકીની કન્યાઓની ઈચ્છા મધુવનમાં રોકાઈ જવાની હતી. તો બાબાએ એમને રોકાઈ જવાની રજા આપી અને મને કહ્યું બેટી, તારે અહીં રોકાવાનું નથી. વાદળ સાગરની પાસે ભરવા આવે છે તો તમારે પણ જઈને જ્ઞાન વર્ષા કરવાની છે. પછી ખાલી થઈ જાઓ. તો વાદળ બનીને સાગર પાસે ભરપૂર થવા આવી જજો. બાબાની પાસે જ્યારે હું અમદાવાદ જવાની રજા લેવા ગઈ ત્યારે બાબા પોતાના ઓરડામાં ખુરશી ઉપર બેઠા હતા. મેં બાબાને કહ્યું, બાબા, હું દમયંતીબેન સાથે જઈ રહી છું. આપની પાસે રજા લેવા આવી છું. બાબાએ મારો હાથ પકડ્યો પછી માથા ઉપર હાથ ફેરવીને પ્રેમભરી દૃષ્ટિ આપતાં કહ્યું, બેટી, તું પૂર્ણ - મા છો તું નાની કન્યા નથી. તું તો જગતની માતા છો. તારે સર્વની મા બનીને સર્વનું કલ્યાણ કરવાનું છે. એટલે હવે તારે બાબાની સેવામાં જોડાઈ જવાનું છે. મેં કહ્યું, જી બાબા, પછી બાબાએ કહ્યું બેટી, રોટલી બનાવતા આવડે છે? મેં કહ્યું ના બાબા. બાબાએ કહ્યું સારું બેટી દાળરોટલી બનાવવાનું શીખીને જજે.

## વિચિત્ર મોટી મા (બ્રહ્માબાબા)ની વિચિત્ર મમતા

પછી બાબાએ પૂછ્યું, બેટી, બીજું કંઈ જોઈએ છે? પહેરવા માટે બે જોડી કપડાં અને જમવા માટે દાલ - રોટલી જોઈએ. બાબાના ઘરમાંથી તો આ મળી જશે. બીજું શું જોઈએ? મેં કહ્યું, બાબા, જેમને મેળવવા માટે ભક્તિ કરી, એમની જ ગોદમાં બેઠી છું તો એનાથી વિશેષ મારું બીજું કયું સૌભાગ્ય હોઈ શકે. હું કેટલી ભાગ્યશાળી છું કે માબાપના રૂપમાં સ્વયં ભગવાનને મેળવ્યા છે. એ સમયે હું એવો અનુભવ કરી હતી કે મને વરસોથી ગુમાવેલી અમૂલ્ય વસ્તુ મળી ગઈ છે. પછી બાબાએ લચ્છુ બહેનને બોલાવીને કહ્યું કે બાબા આજે આ બેટીને મારા હાથથી જ રોટલી માખણ ખવડાવશે. તમે ગરમ ગરમ ફૂલકા ( રોટલી ) બનાવીને આપો. એ સમયે લચ્છુ બહેને ગરમ ગરમ ફુલકા બનાવીને એના ઉપર મધ અને માખણ લગાવીને બાબાના હાથમાં આપી. બાબાએ પોતાના હાથે જ મને રોટલી ખવડાવી. બાબા જ્યારે મને ખવડાવી રહ્યા હતા ત્યારે બાબાનું રૂપ વાત્સલ્યમયી માનું હતું. આવો પ્રેમ તો લૌકિક માબાપ પાસેથી પણ નથી મેળવ્યો. આવી અલૌકિક અને નિઃસ્વાર્થ પાલના બાબા પાસેથી મળી.

વરદાનના રૂપે બાબાએ કહ્યું, બેટી, તું જ્યાં પણ પગ મૂકીશ ત્યાં તને સફળતા મળશે. બાબાએ વરદાન પછી બદામ, સાકર, ઈલાયચી આપતાં ગોસૂન કમસૂન ( Go soon , come soon ) કહેતાં

ભેટી પડ્યા જાણે કે માબાપ સાસરે જતાં પુછીને વિદાય આપી રહ્યાં હોય, એવું દૃશ્ય ખડું થઈ ગયું હતું. આંખોમાંથી આંસુ વહેતાં હતાં. બાબાને છોડીને જવાનું દિલ થતું નહોતું પણ બાબા સેવા માટે મોકલી રહ્યા હતા. એટલે હું અમદાવાદ સેવાસ્થાન પર પહોંચી. જ્યાં જાનકી દાદી, બ્ર.કુ. દમયંતીબેન, બ્ર.કુ. વનિતાબેન હતા. બાબાને મળ્યા પછી અલૌકિક મસ્તીમાં દિવસો વીતાવી રહી હતી. બાબા પાસેથી મળેલાં પ્રેમ અને વાત્સલ્ય યાદ કરતાં બાબાના યજ્ઞ તરફથી જે પણ સેવા મળતી હતી એને દિલ દઈને કરતી હતી. સેવાકેન્દ્ર ઉપર રહેવા માટે જ્યાં મેં લૌકિક પરિવાર અને ઘર છોડ્યું ત્યારે મારી ઉંમર માત્ર સોળ વર્ષની જ હતી.

## બાબા, બાપ - ટીચર - ધર્મરાજના રૂપે

હું જ્યારે મધુવન બીજીવાર બાબાને મળવા સરલાદીદીની સાથે આવી. તો એ સમયે મારા જીવનમાં નવો અનુભવ થયો. પહેલી મુલાકાતમાં બાબા પાસેથી મા બાપનાં રૂપમાં પ્રેમ મળ્યો હતો જ્યારે બીજી મુલાકાત થઈ તો બાબાની સાથે સાથે ટીચર, સતગુરુ અને ધર્મરાજ પણ છે તેવો અનુભવ થયો. સવારના ક્લાસમાં બાબાની મુરલી ધર્મરાજની શિખામણો યુક્ત હતી. બાબાએ કહ્યું કે આ ઈન્દ્રની સભા છે જ્યાં પરીઓ અર્થાત્ પવિત્ર આત્માઓ જ બાબાની સામે બેસી શકે છે. કોઈ પણ અપવિત્ર આત્માનું આ સભામાં સ્થાન નથી. જો કોઈ અપવિત્ર આત્મા આવે છે. તો તેને સજા મળે છે. ક્લાસ પછી અને નાસ્તો કરીને પોતાના રૂમમાં ગયાં તો મારો નાનો ભાઈ, ભાઈઓના રૂમમાંથી દોડીને આવી રહ્યો હતો. એણે દીદીને કહ્યું કે પોતાની સાથે આવેલો એક ભાઈ ખાટલામાં સૂતો છે અને હાથ પગ પછાડીને ચીસો પાડી રહ્યો છે અને કહી રહ્યો છે કે બાબા, મને માફ કરો. મારાથી સહન થતું નથી. અમે પોતાના રૂમમાંથી બહાર આવીને ભાઈના રૂમમાં ગયા. સજા ભોગવી રહેલાં એ ભાઈએ કહ્યું, બાબાને બોલાવો. જ્યારે અમે સૌ બાબાની પાસે ગયા તો બાબા કેટલાક ભાઈ-બહેનો સાથે બેઠા હતા. બાબાને જ્યારે સમાચાર સંભળાવ્યા અને આવવા માટે કહ્યું તો બાબાએ જણાવ્યું કે બાળક પોતાની ભૂલની સજા ભોગવી રહ્યો છે પછી અમે સૌએ બાબાને કહ્યું કે બાબા, એની ટીચરને તો એની પાસે મોકલો. બાબાએ તે માટે ના પાડી અને કહ્યું કે, એની ઉપર પાણી છાંટો અને એક ગ્લાસ પાણી પીવડાવી દો. ભાઉએ બાબાએ આપેલા પાણીને એ ભાઈ ઉપર છાંટ્યું અને પીવડાવ્યું. તે શાંત થઈ ગયા. બીજા દિવસે સૌની સાથે મળતાં બાબાએ એ ભાઈને કહ્યું કે બેટા, ધર્મરાજને કરેલા સઘળાં પાપો લખીને આપો તો બાપ અડધાં માફ કરી શકે છે. શરૂશરૂમાં મધુવનમાં કચેરી થતી હતી. બાબા રાત્રે કચેરીમાં જેણે ભૂલ કરી હોય તેને સભામાં સંભળાવવાનો આદેશ આપતા હતા અને સભામાં જ માફી મંગાવતા હતા. એ સમયે બાબાનું ધર્મરાજનું રૂપ પણ મેં જોયું હતું.

## બાળકોની સાથે બાળક બનીને લીલા કરનાર લીલાધર બાબા

બાબા બાળકોની સાથે ખેલપાલ પણ કરતા હતા. બાળકોની સાથે બાળક, યુવાની સાથે યુવા અને વૃદ્ધોની સાથે વૃદ્ધ બનીને રહેવું, એ બાબાની અનોખી વિશેષતા હતી. એકવાર અમે સૌ બાળકો બાબાના રૂમમાં ગુડનાઈટ કરવા ગયા તો બાબાએ સર્વ બાળકોને પોતાની પાસે બોલાવ્યાં. અમે સૌ નાનાં મોટા બાબાની પાસે બેઠાં.બાબાએ મારા નાના ભાઈને એક નાનો ડબ્બો આપ્યો. બાબાએ કહ્યું, એમાં ઘણી બધી ચોકલેટ છે. બધાને વહેંચજો. જેવો ડબ્બો ખોલ્યો કે એની અંદરથી એક સાપ ઉછળીને નીકળ્યો. ગભરાટમાં સર્વ

મોટા બહાર નીકળી ગયા.જે નાનાં હતાં તેમાંથી કેટલાકે સાપનું મોં પકડ્યું. કેટલાક એની પૂંછડી પકડીને બાબાની ગોદમાં હસતાં હસતાં રમતાં હતાં. મોટાઓને આશ્ચર્ય થયું કે રૂમમાં બાબા અને બાળકો રમી રહ્યાં છે. બાબાએ કહ્યું, મોટાં બાળકો ડરી ગયાં. જુઓ, નાનાં બાળકો કેટલાં નીડર છે કારણ કે નિર્દોષ છે. તે સાપ અસલ નહીં પણ બનાવટી હતો. આ રમત જોઈને સૌ હસી રહ્યાં હતા. બાબાએ કહ્યું, ખુશી જેવો ખોરાક નહીં. બાબાએ એ પણ જણાવ્યું કે ભવિષ્યમાં ભયાનક વિનાશનાં દૃશ્યો જોવા મળશે એટલે પોતાની અવસ્થા એવી પાક્કી બનાવો, કે ભયભીત ન થવાય.

બાબા દોરડા ખેંચ તથા બેડમિંટન જેવી રમતો પણ રમતા હતા. બાબા જીતીને કહેતા કે જુઓ બાળકો, શિવબાબા મારી સાથે છે તેથી હું જીતી ગયો. ક્યારેક બાબા કહેતા બાળકો કોની સાથે રમી રહ્યા છો? બાળકો કહેતા, બાબા, આપની સાથે. તો બાબા કહેતા, બાળકો નાપાસ થઈ ગયાં. આપને તો શિવબાબા દેખાવા જોઈએ. આ રીતે બાબાનું પ્રેમભર્યું રમણિકરૂપ પણ જોવા મળતું હતું.

## એન્જિન અને ડબ્બાની રમત

બાબાની વિદાય આપવાની વિધિ પણ અલગ જ હતી. બાબા બદામ, સાકર આપીને લાઈનમાં ઊભા રાખતા હતા. બાબા સ્વયં આગળ રહેતા પછી એક પછી એક બાળકો અને છેલ્લે બ્રાહ્મણી (ટીચર). આ રીતે એક ગાડી બનાવી દેતા. બાબા કહેતા, બાળકો, ડબલ એન્જિન (શિવબાબા અને બ્રહ્માબાબા) આગળ છે. આપ સર્વ ડબ્બા છો. મારી પાછળ આવતા રહેજો. બાબા મધુવનના પાછળના દરવાજા સુધી આવતા હતા. પછી બાબા નીકળીને અલગ ઊભા રહેતા. રૂમાલ હલાવતા અને બાળકો જોઈ જોઈને આગળ વધતાં હતાં. બાળકોને બાબા દેખાય અને બાબાને બાળકો દેખાય ત્યાં સુધી બાબા ઊભા રહેતા હતા. એ સમયે મન કહેતું હતું. આટલો પ્રેમ કોણ કરશે?

બાબાએ પોતાના હાથથી મને ગરમ રોટલી ખવડાવી હતી. આશ્ચર્યની વાત છે કે આજે પણ મને મધુવન સેવામાં યા અન્ય સ્થાન પર રોટલી ડીપાર્ટમેન્ટ જ મળે છે. આ પણ મારું સૌભાગ્ય છે. શરૂ શરૂમાં જે પણ સેવા સ્થાન પર ગઈ ત્યાં દાળ-રોટલી અને બે જોડી કપડાંથી જ જીવન ચલાવ્યું. આ પણ બેગરી પાર્ટ (આર્થિક નબળી સ્થિતિ)નો અનુભવ બાબાની સાથે કર્યો. ક્યારેય કોઈ પણ પ્રકારનો સંકલ્પ ચાલ્યો નહીં. બાબાના સાથનો અનુભવ કરતી રહી. આજે પણ બાબાનો હાથ મારા મસ્તક પર છે અને બાબાની છત્રછાયામાં પાલના મેળવી રહી છું તેવો અનુભવ સદા થાય છે.


## બાબાએ મને અંતિમયાત્રાનું પૂરું દૃશ્ય બતાવ્યું

સરલાદીદીએ મને સેવા માટે ડિસેમ્બર, 1968માં આણંદ મોકલી હતી. ત્યાંથી 1 જાન્યુઆરી, 1969ના દિવસે મને વડોદરા મોકલી. ત્યાં ઘણું મોટું આધ્યાત્મિક પ્રદર્શન રાખ્યું હતું. બાબાએ કુમારકા દાદી (દાદી પ્રકાશમણિજી)ને મોકલ્યાં હતાં. બ્ર.કુ. દમયંતીબહેને દાદીની સાથે બાબાને પત્ર મોકલ્યો કે અહીં ગુજરાતી બહેનની જરૂર છે. બાબાએ પત્રનો ઉત્તર આપ્યો 'બેટી પૂર્ણિમા તમારી સાથે રહેશે. જે શાણી અને સમજુ છે. સેવામાં પણ ઘણી સારી મદદ કરશે. વડોદરામાં તમારી સાથે જ રહેશે.' બાબાના આદેશ પત્ર પછી હું વડોદરામાં જ રહી. પત્રના ચાર પાંચ દિવસમાં જ બાબાએ શરીર છોડ્યું. 18 જાન્યુઆરી, 1969માં બાબાએ શરીર છોડ્યું છે તેવા સમાચાર મળતાં જ

**(અનુસંધાન પેજ નં. 34 પર)**

# સાકારમાં વિશ્વના સર્વોત્તમ આત્મા પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા

બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાદેવનગર, અમદાવાદ.



સન્ 1965ની વાત છે. એક દિવસ બ્રહ્મમુહૂર્તમાં લગભગ 3.30 કલાકે હું ખુરશી પર બેઠી હતી. ઈશ્વર ચિંતનમાં જ મગ્ન હતી. ત્યારે મેં સફેદ પ્રકાશની કાયાવાળી વ્યક્તિમાં લાલ પ્રકાશને પ્રવેશ કરતો જોયો. થોડી જ પળો પછી તે આકર્ષક સ્વરૂપ મારી નિકટ આવ્યું. મારા શિર પર હાથ રાખ્યો અને કહ્યું, બચ્ચી હું ભારતમાં આવ્યો છું. તું મને શોધી કાઢ ઘણા જ સ્પષ્ટ રૂપથી બે વાર આ અવાજ મેં સાંભળ્યો. ત્યારથી લઈને કેટલાયે સત્સંગોમાં ધર્મગુરુઓ, ઉપદેશકો અને ધર્મ પ્રચારકોની પાસે આવવા લાગી. મને એમ હતું કે જેમને ધ્યાનાવસ્થામાં જોયા હતા તે મને જરૂર ક્યારેક સાકારમાં મળી જાય. ઘણા સત્સંગોમાં જવા છતાં મને તે દિવ્ય પુરુષનાં દર્શન થયાં નહીં.

## આ છે, આ છે, આ છે

કેટલાંક સમય પછી મારા ઘરની નજીક પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી સાપ્તાહિક કોર્સનું આયોજન થયું. અમને પણ ત્યાં જવાનું નિમંત્રણ મળ્યું. જે નિમંત્રણ આપવા આવ્યા હતા એમણે કહ્યું કે અહીં આપના જેવી નાની નાની બહેનો સ્વયં ભગવાનને મિલાવવાનો દાવો કરે છે. આપ જરૂર આવજો. અમારી આસપાસના લોકોને એ ખબર હતી કે અમે ઘણી ભક્તિ કરીએ છીએ. એમનું નિમંત્રણ મળતાં મારા માતાપિતા સહિત પૂરો પરિવાર સાત દિવસનો કોર્સ કરવાનો નિર્ણય કર્યો. પરંતુ મેં ના પાડી દીધી અને કહ્યું કે ભગવાનના નામ પર આજકાલ એવા નીકળી પડ્યા છે. મારો હવે કોઈનામાં વિશ્વાસ રહ્યો નથી. તો મારે ભગવાનની પ્રાપ્તિ માટે હવે કોશિશ કરવી નથી. પરિવારના સર્વ લોકો રોજ જતા હતાં. પરંતુ મને કંઈ સંભળાવતા નહોતા. છેવટે એક દિવસે પિતાજીએ કહ્યું, બેટી તું પણ ચાલ. તને ઘણું સારું લાગશે. એ દિવસે હું પિતાજીની સાથે ગઈ. કલ્પવૃક્ષનો પાઠ ચાલી રહ્યો હતો. મેં ચિત્રમાં બાબાની તસ્વીર જોઈ અને સાંભળ્યું કે બ્રહ્મા પરમાત્મા શિવ એમના તનમાં અવતરિત થઈને ગીતા જ્ઞાન આપી રહ્યા છે. આ વાતને સાંભળતાં જ મને કેટલાક મહીના પહેલાં ધ્યાનાવસ્થામાં જોયું તો એ દૃશ્ય યાદ આવી ગયું. મારા દિલમાંથી એ અવાજ નીકળ્યો કે આજ છે, આજ છે તે તસ્વીરને જોવા આટલા દિવસો હું શોધી રહી હતી.

## મારે અહીં જ રહેવું છે

હું સાત દિવસનો કોર્સ પૂરો કરી શકી નહીં. માત્ર કલ્પવૃક્ષ અને ત્રણ લોક વિશે જ સાંભળ્યું આ સમયે ગુરુવારે અમદાવાદના પાલડી સેવાકેન્દ્ર પર મારે જવાનું થયું. (ત્યારે અમદાવાદમાં એક જ સેવાકેન્દ્ર હતું. તે મકાન હવે બદલાઈ ગયું છે.) મને ખુલી આંખોથી યોગાભ્યાસ કરવા વિશે કોઈ માહિતી નહોતી. પરંતુ મારી લૌકિક મોટી બહેન રંજન (વર્તમાન સમયે આફ્રિકામાં ઈશ્વરીય સેવા કરી રહેલાં વેદાંતીબેન) એમણે મને જણાવ્યું કે આંખો ખુલી રાખવી. સામે જે બેન બેઠી છે એમની આંખ સાથે આંખ મિલાવવી અને અંદરથી બોલવાનું કે હું આત્મા છું. હું પ્રકાશ સ્વરૂપ છું હું સામે બેઠેલી બેનને જોતાં જોતાં જ થોડી ક્ષણોમાં

ધ્યાનમાં ચાલી ગઈ. મેં ધ્યાનાવસ્થામાં ફરીથી બ્રહ્માબાબાને જોયા. હું એમના ગળે લાગી ગઈ. બાબાએ પણ કહ્યું, બચ્ચી આવી ગઈ. મેં કહ્યું જી બાબા. પછી તો મને નવી સતયુગી દુનિયાના સ્વયંવર, રાસ મંડળ, ગોપ ગોપીઓ વગેરેના સાક્ષાત્કાર થયા પછી બાબાએ કહ્યું, બચ્ચી હવે જાઓ. મેં કહ્યું બાબા, મારે તો અહીં જ રહેવું છે. બીજે ક્યાંય જવું નથી. બાબાએ કહ્યું બેટી, આ સૂક્ષ્મવતન છે. તું અહીં રહી શકે નહીં. તારે તો જઈને બાબાની ઘણી સેવા કરવાની છે. હું બાબાની વાતોથી વધારે પોતાની વાત પર અડગ હતી કે નહીં બાબા, મારે તો અહીં જ રહેવું છે ત્યારે બાબાએ વાયદો કર્યો કે જ્યારે તું દિલથી બાબાને યાદ કરીશ, બાબા તને પોતાની પાસે વતનમાં બોલાવી લેશે. પછી તો રોજ સવારે 5 વાગે વતનમાં બાબાની પાસે જવાનો નિયમ બની ગયો. મેં વતનમાં બાબાની પાસે જ સાપ્તાહિક કોર્સ કર્યો. સાકારમાં મુરલી સાંભળતાં પહેલાં કેટલીય મુરલીઓ સાંભળી. જુઓ, જ્યારે બાબા સાકારમાં હતા છતાં પણ ઓલમાઈટી બાબાએ બ્રહ્માબાબાને આકારી સ્વરૂપમાં બાળકોની કેટલી સેવા અને પાલના કરી.

## સાકારી ફરિશ્તા સાથે પ્રથમ મિલન

સાક્ષાત્કાર પછી મારે માઉન્ટ આબુ જવાનું થયું બ્રહ્માબાબાને સાકારમાં મળતા મેં ઘણી ખુશીની સાથે મારા અનુભવો બાબા સમક્ષ વર્ણન કર્યું. મેં કહ્યું, બાબા, આપે મને તમારો સાક્ષાત્કાર કરાવ્યો હતો ત્યારે બાબાએ ઘણી વિનમ્રતાની સાથે કહ્યું, બચ્ચી, એવું બની શકે કે શિવબાબાએ સાક્ષાત્કાર કરાવ્યો હોય. આ બાબાને કંઈ પણ ખબર નથી. બાબાનો આ ઉત્તર સાંભળીને મને લાગ્યું કે બ્રહ્માબાબા જાણવા છતાં અજાણ બની રહ્યાં છે. અને કહે છે સાક્ષાત્કાર કરાવનાર શિવબાબા છે. ત્યારે મારી ઉંમર માત્ર 18 વર્ષની હતી. અને હું સ્નાતક (ગ્રેજ્યુએટ) હતી. અંતિમ વર્ષમાં ભણી રહી હતી. બાબાએ મને કહ્યું કે બેટી, આ જન્મની સમગ્ર જીવન કહાની બાપને જણાવી દો મેં મારી પૂરી જીવન કહાની બાબાને સંભળાવી. નાનામાં નાની ભૂલ પણ યાદ કરીને બાબાને મારો પૂરો પોતામેલ આપ્યો. એ સાંભળ્યાં પછી બાબાએ વરદાન આપ્યું કે બચ્ચી, તારા દ્વારા ઘણા મોટા માણસોની સેવા થશે. આ વરદાનને મારા જીવનમાં સાકાર થતું જોયું છે. જ્યારે જ્યારે આવા પ્રસંગ આવે તો બાબા દ્વારા મળેલું વરદાન મને વારંવાર યાદ આવે છે. મને લાગે છે કે મેં સચ્ચાઈથી બાબાની આગળ મારી જીવન કહાની સંભળાવી. એના ફલસ્વરૂપે બાબાએ મને આ વરદાન આપ્યું.

## બાબાની સામે ડ્રિલ કરી અને સેલ્યુટ આપી

જ્યારથી મેં બાબાને જોયા, મને પૂરો નિશ્ચય થયો કે આ બાબા જ મારું સર્વસ્વ છે. ત્યારે હું દરેક પગલું બાબાની આજ્ઞા અનુસાર ભરતી હતી. કોલેજના અભ્યાસ દરમિયાન એન.સી.સી.માં મારી પસંદગી થઈ. દિલ્હીમાં થનાર 26મી જાન્યુઆરીની પરેડ માટે મારે એક માસ માટે ટ્રેનીંગ માટે દિલ્હી જવાનું હતું. તો બાબાની સલાહ લેવા માટે મેં અમદાવાદથી આબુ આવીને બાબાને પૂછ્યું, બાબા, મારે એક માસ પરેડની ટ્રેનીંગ માટે દિલ્હી જવાનું છે. મારે એક માસ ત્યાં રહેવાનું છે. તો મારા ખાવા-પીવા વગેરેની ધારણાનું શું થશે? આટલું સાંભળતાં જ બાબાએ મને પૂછ્યું, અચ્છા બેટી, તને ડ્રીલ કરવાનું આવડે છે શું? આજે રાત્રિ ક્લાસમાં બાબાને ડ્રીલ બતાવજે. બાબાએ લચ્છુ બેનને બોલાવ્યાં અને કહ્યું બચ્ચીઓને પહેરાવાળાની નવી ડ્રેસ કાઢીને આપજો. હું, વેદાન્તીબેન અને અમારી એક સખી અમે ત્રણ હતા. હું તો ઘણી ખુશ થઈ ગઈ કારણ કે સાંજે

બાબાની સમક્ષ ડ્રીલ બતાવવાની હતી. લચ્છુબેને મને ત્રણ નવા ડ્રેસ આપ્યા. રાતે બાબાનો ક્લાસ પૂરો થયો અને બાબાએ કહ્યું અમદાવાદથી આવેલી બચ્ચીઓ આજે ડ્રીલ બતાવશે. પછી તો અમે નાના હોલમાં ડ્રીલ કરી અને બાબાને સેલ્યુટ આપી. બાબાએ ઘણી પ્રશંસા કરી અને કહ્યું કે તમારી જેવી બચ્ચીઓ રુહાની ડ્રીલ કરાવવાનું શીખી જાય તો બાબાનું નામ પ્રસિદ્ધ થઈ જાય. અમે તો ઘણાં ખુશ થયાં. રાત્રે બાબાને ગુડનાઈટ કરીને સૂઈ ગયાં. પરંતુ તે સવાલનો જવાબ તો બાકી રહ્યો. સવાર થઈ, મુરલી ક્લાસ પછી ફરીથી બાબાની પાસે ગઈ. બાબાને પૂછ્યું, બાબા, હું દિલ્હી જઈશ તો ક્યાં રહીશ. મારા ખાનપાનનું શું થશે? બાબા હસતાં હસતાં મારી તરફ જોઈ રહ્યા હતા. પછી કહ્યું, બચ્ચી તારા જેવી બચ્ચી અને એક એક માસનો ટાઈમ વેસ્ટ કરશે? બાબા નથી ઈચ્છતા કે તમારો ટાઈમ વેસ્ટ જાય. બાબાની આ વાત સાંભળીને મેં કહ્યું, ઠીક છે બાબા, તમે નથી ઈચ્છતા તો હું નહીં જાઉં. બે દિવસ પછી બાબાએ મને પોતાની પાસે બોલાવી અને કહ્યું, આ કુમારકા બચ્ચી (દાદી પ્રકાશમણિ) ટૂર પર જઈ રહી છે તમે એમની સાથે જઈ શકો છો? તમારા પિતા રજા આપશે? મેં કહ્યું જી બાબા. બાબાએ મારો અને વેદાન્તીબેનનો દાદી કુમારકાની સાથે 21 દિવસનો ટૂર પ્રોગ્રામ બનાવ્યો. એ સમયે જેટલાં જેટલાં મોટાં સેવાકેન્દ્રો હતાં જેમ કે જયપુર, આગ્રા, દિલ્હી, લખનૌ, કાનપુર, ભોપાલ આદિ સેન્ટરોમાં ઈશ્વરીય સેવા કરવાની તક મળી. આ પ્રસંગથી મને અનુભવાયું કે ભવિષ્યની જાણકારી બાબાની પાસે કેટલી સ્પષ્ટ છે. અંદરમાં એ ખુશી પણ થઈ કે બાબાની આજ્ઞાના પાલનથી તથા એક નાના ત્યાગને બદલે બાબાએ કેટલો મોટો સુઅવસર આપી અમારા ભાગ્યમાં એક વિશેષ પાર્ટની નોંધ કરી. મેં દાદીજીની સાથે 21 દિવસ રહીને જે પ્રાપ્તિઓ કરી છે તે અવર્ણનીય છે.

## બાબાને બચ્ચીઓની કમાણી નથી જોયતી

સન્ 1967માં હું સ્નાતક થઈ તે પછીથી મારે એક જગ્યાએ સર્વિસના ઈન્ટરવ્યુ માટે જવાનું હતું. હું અને વેદાન્તીબેન બાબાની સલાહ લેવા મધુવન ગયાં. મેં બાબાને પૂછ્યું કે બાબા હું લૌકિકમાં સર્વીસ કરું ? એનાથી તન, મન, ધનથી બાબાની સેવા કરીશ. બાબાએ મને પૂછ્યું, બચ્ચી નોકરી કરીશ તો કેટલું કમાઈશ. 800, 1000, 1500, 2000 ? કેટલું કમાઈશ બાબા જાણે છે આ કોઈ તમારી વેલ્યુ નથી. બાબાના કહેવાથી અમે સમજી ગયાં કે બાબા નથી ઈચ્છતા કે અમે સર્વીસ કરીએ. એ ઘડી મેં અને વેદાન્તીબેને એ નિર્ણય કર્યો કે લૌકિક સર્વીસ નહીં કરીએ. રુહાની સેવામાં જ અમારું જીવન સમર્પિત કરીશું.

## દિલની દરેક ધડકન બાબા સાંભળી લેતા

એક વાર બપોરના ભોજન બાદ હું મારી પથારી પર સૂઈ ગઈ. પરંતુ, મને ઊંઘ આવી નહીં. વારંવાર સંકલ્પ આવવા લાગ્યા કે જો વિશ્વના માલિક ભગવાન બ્રહ્મા તનમાં બેઠેલા છે તો પાંચ મિનિટમાં મને બોલાવે. ત્યારે હું સમજું કે મારી વાત શિવબાબાનાં દિલ સુધી પહોંચે છે. ખરેખર બે ત્રણ મિનિટમાં જ પહેરાવાળા ભાઈએ આવીને કહ્યું કે ચંદ્રિકાબેન, આપને બાબા બોલાવે છે. બાબા મને 'ચંદ્રકલા' કહીને બોલાવતા હતા. હું ખુશ થઈને બાબાની ઝૂંપડી પાસે પહોંચી ગઈ. એ સમયે બાબા કેટલાક વત્સોની સાથે બેઠા હતા.

## સાધનાલીન અને સેવાપ્રિય

બાબાની સાધના સર્વોચ્ચ, કક્ષાની હતી. બ્રહ્માબાબા જ્યારે શિવબાબાને યાદ કરતા હતા તો મગન થઈ જતા હતા. એકવાર બાબા દ્રાક્ષના બગીચામાં ખુરસી ઉપર બેઠા હતા. બાબાની નજર

આસમાન તરફ હતી. હું બાબાની પાસે આવીને બેસી ગઈ. હું સમજી બાબાને માલૂમ પડી જશે અને બાબા મારી સાથે વાત કરશે. હું ઘણા સમય સુધી બેસી રહી પરંતુ બાબા પોતાની મસ્તીમાં હતા. પછી હું ઊભી થઈને બાબાની તરફ જોયું પણ બાબા મને જોઈ રહ્યા નહોતા. છેવટે મને ધીરજ રહી નહીં મેં કહ્યું, બાબા હું આપને મળવા આવી છું. ત્યારે બાબાએ કહ્યું બચ્ચી તું ક્યારે આવી? મેં કહ્યું, બાબા હું ક્યારનીય બેઠી છું. તો બાબાએ કહ્યું, આ બાબા શિવબાબાને યાદ કરી રહ્યા હતા. સારું, બોલો, બચ્ચી શું સેવા છે? બાબાએ મને કોલેજમાં જઈને સેવા કરવાનું કહ્યું હતું તો હું ભાષણ તૈયાર કરીને આવી છું મેં બાબાને કહ્યું બાબા, યોગના વિષય પર મેં ભાષણ તૈયાર કર્યું છે. સાંભળતાં જ બાબાએ કહ્યું, અચ્છા બચ્ચી, બાબાને સંભળાવો. ‘મેં લગભગ 10 મિનિટ બાબાને મારું તૈયાર કરેલું ભાષણ સંભળાવ્યું ત્યારે બાબાએ કહ્યું બચ્ચી, તેં તો ઘણું સારું ભાષણ તૈયાર કર્યું છે આ રીતે જ યુક્તિયુક્ત સમજાવવું જોઈએ. એનાથી મેં એ અનુભવ કર્યો કે બાબા પોતાની સાધનામાં લવલીન રહેવા છતાં પણ બાળકોને યોગ્ય સેવાધારી બનવાનું માર્ગદર્શન સમય પર આપતા રહ્યા અને બાળકોની સેવામાં ઉપસ્થિત થતા રહ્યા.

## નાનાઓને સન્માન

યજ્ઞપિતા બ્રહ્માબાબા, યજ્ઞના દરેક નાના મોટા કાર્યોની સંભાળ રાખતા હતા. એકવાર હું ભંડારામાં બેસીને મગફળી ફોલી રહી હતી. અમે કેટલાયે જણ હતા. ધીરે ધીરે કરીને સૌ ચાલ્યાં ગયાં. હું એકલી સેવા કરી રહી હતી. એટલામાં મેં જોયું કે મારી પાસે કોઈ બેઠું છે. અને અવાજ આવ્યો કે બચ્ચી, ચાલો બાપ તમને મદદ કરવા આવ્યા છે ના પાડવા છતાં બાબા બેસી ગયા અને મગફળી ફોલવા બેઠા. કેટલીક મિનિટો પછી જોયું તો ધીરે ધીરે બધા આવીને બેસવા લાગ્યા. બાબાને જોઈને બધાએ સેવામાં સહયોગ આપ્યો. બાબાએ કોઈને કંઈપણ કહ્યું નહીં પરતું સ્વયં કરીને બાળકોને શીખવાડ્યું. એક વખત બાબા આંગણામાં ઊભા હતા. હું બાબાની પાસે આવીને ઊભી રહી ગઈ. બાબાનું કદ તો ઘણું ઊંચુ હતું. અને હું ઘણી નાની હતી. જ્યારે મેં બાબાને કંઈક કહ્યું તો બાબા એકદમ ઘણા ઝૂકી ગયા અને કહ્યું, બચ્ચી, બોલો, બાબાનું શું કામ છે? બાબા નાનાઓને પણ બહુ સન્માન આપતા હતા.

## એક માસ પહેલાં અહેસાસ કરાવ્યો હતો

બાબાના અવ્યક્ત થયા પહેલાં એક માસ પહેલાં હું પાર્ટી લઈને મધુવન પહોંચી હતી. જ્યારે બાબા પાસેથી રજા લઈ રહી હતી તો ઘણા સમય સુધી બાબાએ મને દૃષ્ટિ આપી અને ‘ગો સૂન, કમ સુન’ની ટોલી આપી. જ્યારે બાબાની વિદાય લઈને બહાર નીકળી તો મારા મનમાં એક સંકલ્પ વારંવાર આવ્યો કે જાણે બાબા મને કહી રહ્યા છે. બચ્ચી, આ બાબાને, આ રૂપમાં કદી જોઈશ નહીં. કેટલાયે વખત રોકવા છતાં આ સંકલ્પ જોર જોરથી આવવા લાગ્યો. મને ઘણું રડવું આવ્યું કે આવા વ્યર્થ સંકલ્પ મારા મનમાં કેમ આવે છે ? હું અમદાવાદ પહોંચી. જ્યારે ભાઈબહેન મને મધુવનનો અનુભવ પૂછવા લાગ્યા તો મુખથી આ વાત નીકળી જતી હતી. લોકો મને કહેતા હતા આ શું બોલી રહ્યાં છો. મને અંદર આવી રહ્યું હતું, કે બાબા મને છોડીને ચાલ્યા ન જાય. ઠીક એક માસ પછી 18 જાન્યુઆરી, 1969 રાત્રે 9.00 કલાકે સમાચાર મળ્યાં કે બ્રહ્માબાબા સાકાર શરીરને છોડીને વતનમાં ચાલ્યા ગયા એક માસ પહેલાં બાબાએ પોતાની દૃષ્ટિથી જ આ એહસાસ કરાવી દીધો હતો કે બાબા હવે સાકારમાં અધિક સમય રહેશે નહીં. ॥ઓમશાંતિ ॥

# દાદા લેખરાજ

## બ્ર.કુ. નીલમબેન, પાટણ

વિશ્વમાં જ્યારે જ્યારે દુઃખ અશાંતિ રૂપ અંધકારમાં માનવ ભટકી દિશાહીન બની જાય એવા સમયે કોઈને કોઈ મહાન પુરુષોની અમૂલ્ય ભેટ પ્રભુએ સમાજને ધરી છે. આવી મહાન વિભૂતિઓએ આવીને સમય પ્રમાણે લોકોને જ્ઞાન ઉપદેશ આપી દિશા બદલવાનું કામ કર્યું છે. કોઈએ પોતાના જીવનનું બલિદાન આપ્યુ છે. ઘર પરિવારનો ત્યાગ કરવાની જરૂર પડી તો ત્યાગ પણ કર્યો છે. જે કામ કોઈ ન કરી શક્યું તેવું મહાન કાર્ય કરીને સમાજને નવી દિશા, નવો રાહ બતાવ્યો છે.

ધર્મગ્લાનિના સમયે થોડા ક્રાંતિકારી વિચારો દ્વારા સમાજને શ્રેષ્ઠ બનાવવા માટે પોતાનું તન, મન અને ધન સર્વસ્વ સમર્પણ કરનાર એવી મહાન વિભૂતિ આ સંસારમાં આવી જેમનું નામ છે દાદા લેખરાજ. તેમનો જન્મ 15-12-1876માં સિંધ પ્રાંતમાં વલ્લભાચારી ભક્તને ત્યાં કૃપલાની કુળમાં થયો. તેમના પિતાનું નામ કુરાચંદ હતું. પિતાજી પ્રિન્સીપાલ હતા. દાદા લેખરાજ પોતાની આગવી બૌધિક પ્રતિભા, ધંધાકીય સુઝના કારણે હીરા ઝવેરાતના વ્યાપારી બન્યા. દાદા લેખરાજ કુશળ ઝવેરી હતા. તેમની બનાવટો વિદેશમાં પણ જતી હતી. તેમનો ધંધો મુંબઈ, કલકત્તામાં પણ ચાલતો હતો.

### સામાજિક જીવન

દાદા સાંસારિક, ગૃહસ્થી જીવન જીવતા હતા. તેમનાં પત્નીનું નામ જશોદા હતું. તેમને ત્રણ પુત્રીઓ અને બે પુત્રો એમ પાંચ બાળકો પણ હતા. સમાજમાં સારું એવું માન હતું. રાજાઓ સાથે ઘરેલું સંબંધો ધરાવતા હતા. રાજાઓ દાદા લેખરાજ પ્રતિ ખૂબ વિશ્વાસ ધરાવતા હતા. નાના ને પ્યાર, મોટાને માન આપી દાદાએ સમાજમાં દરેકના દિલોમાં સ્થાન જમાવ્યું હતું.

### અધ્યાત્મ પ્રેમી

દાદા લેખરાજ બાળપણથી જ અધ્યાત્મ વૃત્તિ ધરાવતા હતા. ઘરમાં રોજ ગીતા પાઠ અને માળા કરવી એ નિત્ય નિયમ હતો. બાળપણથી જ શુદ્ધ અને સાત્વિક ભોજન સ્વીકારતા હતા. લક્ષ્મી-નારાયણના પરમ ભક્ત હતા. પોકેટમાં, દુકાનમાં પણ લક્ષ્મીનારાયણનો ફોટો સાથે રાખતા. તેઓ તીર્થ યાત્રાએ પણ જતા હતા. ધાર્મિક પુસ્તકોનું વાંચન પણ કરતા હતા. ત્રણ ભાષાના જાણકાર હતા - અંગ્રેજી, સિંધી, હિન્દી. દાદા લેખરાજે પરમતત્વની શોધ માટે એક એક કરતા 12 ગુરુ કરેલા. ગુરુ માટે ખૂબ જ ઉંચી ભાવના ધરાવતા હતા. ગુરુને ખૂબ માન આપતા હતા. અવાર નવાર ગુરુને બોલાવી મોટા સત્સંગનું આયોજન કરતા હતા. તેમના ઘેર લગ્નનો પ્રસંગ હોય ત્યારે પણ ગુરુને નિમંત્રણ આપતા. દીકરીઓને દહેજની સાથે ચાંદીનું મંદિર અને ગીતા આપતા હતા. આમ આધ્યાત્મિકતાથી સભર તેમનું જીવન હતું.

### વ્યવહાર કુશળતા

દાદા લેખરાજની વ્યવહાર કુશળતા પણ સરાહનીય હતી. દાદાને ત્યાં કોઈ મહેમાન આવવાના હોય ત્યારે દાદા પોતે સ્ટેશને લેવા માટે જતા હતા. લેખરાજના રાજાઓ અને વ્યાપારીઓ સાથે ઘનિષ્ઠ સંબંધો હતાં રાજાને ત્યાં રાજકુમાર કે રાજકુમારીના લગ્ન સમયે એક રાજા બીજા રાજાને ત્યાં ભેટ આપે તેવી મોંઘી ભેટ આપતા. રાજાઓ દાદા લેખરાજને ઘણીવાર કહેતા

'લખીરાજ બાબુ ભગવાનથી જાણે કોઈ ભૂલ થઈ ગઈ હોય એમ લાગે છે. રાજાને શોભે એવા બધા જ ગુણો તમારી અંદર છે. પરંતુ રાજા અમને બનાવ્યાં.

દાદા લેખરાજની વ્યવહાર કુશળતાનું એક અનોખું ઉદાહરણ જોઈએ તો એકવાર દાદા લેખરાજ તેમની દુકાનમાં હીરાના પડીકા જોતા હતા કોઈ કામ અર્થ બહાર ગયા તેમની ગેર હાજરીમાં એક વ્યાપારી આવ્યા. જેમની સાથે બાળકો પણ હતા. દાદા લેખરાજ થોડીવાર પછી આવે છે. જ્યારે વ્યાપારી ચાલ્યા ગયા હતા. તેમણે જોયું તો હીરાના પડીકામાંથી થોડાક હીરા ઓછા થયા હતા. તેમણે નોકરને પૂછ્યું નહીં કે કોણે લીધા તેમણે પૂછ્યું કે મારી ગેર હાજરીમાં કોણ આવ્યું હતું. નોકરોએ હકીકત જણાવી. દાદા લેખરાજ મીઠાઈનું પેકેટ લઈને તેમના ઘેર જાય છે. અને બાળકોને બોલાવી પ્રેમથી મીઠાઈ ખવડાવી પૂછે છે. તમે આવા હીરા રમવા માટે લાવેલા? ત્યારે બાળકો તો જે હીરા લઈ આવ્યા હતા તે પરત આપી દીધા. દાદા લેખરાજે ગુસ્સો પણ ન કર્યો. ચોરીનો ઈલ્જામ પણ ન લગાવ્યો.

## દાની બન્યા મહાદાની

દાદા લેખરાજના પરિવારમાં કાકા હતા. તેઓ દાન પુણ્ય કરતા હતા. દાદા તેમને મદદ કરતા. દાદા લેખરાજ બાળકોને પણ એ જ શિખામણ આપતા હતા કે જે દાન કરે તે રાજા બને. એકવાર એક ગરીબ બાઈ તેની દીકરીના લગ્ન માટે દાદા પાસે કંઈક મદદ માટે આવી. દાદા અને તેમના પત્નીએ તો તેમને આપ્યું પરંતુ તેમની આઠ વર્ષની દીકરીએ જોઈ વિચાર્યું કે માતા પિતા દાન આપે છે તો તેઓ રાજા બનશે હું નહીં આપું તો રાજા નહીં બનું. ગરીબ બાઈ બહાર આવે છે તો નાની દીકરીએ પૂછ્યા સિવાય સોનાના કંગન બાઈને આપ્યા. આમ દાદાની પાસે દાનનો ગુણ વિશેષ હતો.

## નિર્માણ - નિયમી જીવન

ધન સંપત્તિથી ભરપૂર એવું તેમનું જીવન હતું આટલું ધન સંપત્તિ હોવા... છતાં પણ તેમનામાં અભિમાન નહોતું. દાદાના સંબંધો વ્યાપારીઓ અને રાજાઓ સાથે હતા. ઘણીવાર દાદા પાર્ટી પિકનીકનું આયોજન કરતા ત્યારે પણ સાત્વિક ભોજન જ ખવડાવતા. માંસ કે શરાબ આપતા નહીં. તેઓ દાદાને કહેતા કે 'લખીરાજ બાબુ પાર્ટી ફીકી રહી.' દાદા તેમને કહેતા કે તમે મને કાગળની નોટો આપો છો. તેના બદલામાં હું હીરા અને ઝવેરાત આપું છું. તમારી ખાતર હું મારો ધર્મ ન છોડું. આમ દાદા લેખરાજ સંબંધો નિભાવવાની સાથે સાથે નૈતિક ધર્મ ચૂકતા નહીં.

દાદા લેખરાજના જીવનમાં 10 વર્ષ પછી વળાંક આવે છે. તેમનાં પત્ની જશોદાજીએ તેમને કહ્યું કે હવે તો આપણને સાઈઠ વર્ષ થયાં છે તો આપણે આ બધું બાળકોને સોંપીને કોઈ આશ્રમમાં ભક્તિ સભર જીવન ગુજારવું જોઈએ. ત્યારે દાદાએ કહ્યું કે હજુ થોડાં વર્ષો હું કમાવી લઉં પછી આપણે જઈશું. 'નર ચાહત કુછ ઓર ઓર કી ઓર ભયી.' આ કહેવત મુજબ તેમના જીવનમાં અચાનક પરિવર્તન આવે છે.

એકવાર દાદા લેખરાજ મુંબઈ સ્થિત તેમના બંગલામાં રાત્રિ રોકાણ દરમિયાન તેમને વિષ્ણુ ચતુર્ભુજનો સાક્ષાત્કાર થયો. શંખ, ચક્ર, ગદા અને કમળ હાથમાં હતાં. પ્રકાશમય સ્વરૂપ હતું. ગેબી અવાજ આવ્યો. 'અહં વિષ્ણું ચતુર્ભુજ તતત્વમ' દાદા લેખરાજ લક્ષ્મીનારાયણના ભગત હતા અને અને વિષ્ણુ ચતુર્ભુજનાં દર્શન થયાં તો તેમને ખૂબ જ ખુશી થઈ કે બસ મને ભગવાન મળી ગયા. ગુરુ પાસે જઈને ગુરુને પોતાને થયેલા

સાક્ષાત્કારનો અનુભવ સંભળાવી કહ્યું કે 'ગુરુજી તમારી કૃપાથી મને ભગવાનનાં દર્શન થયાં.' દાદાએ જોયું કે ગુરુ આ વાતમાં કશું જાણતા જ નથી ગુરુને પોતાને આવો સાક્ષાત્કાર થયો જ નથી. તેમને વિચાર આવે છે કે આ સાક્ષાત્કાર કોણે કરાવ્યો? આ બાબતમાં તેમનું ગહન ચિંતન ચાલે છે.

એકવાર પરિવાર સાથે તેઓ બનારસ ગયેલા એક મિત્રના બંગલામાં રાત્રિના સમયે બહારથી અવાજ આવ્યો 'લખીરાજ ઉઠો જાગો...' જોયું તો કોઈ ન દેખાયું થોડીવાર બેસે છે ત્યાં તેમને આ દુનિયાના મહાવિનાશનાં દૃશ્યો જોયાં 1936માં જ્યારે હજુ સુધી એટમ બોમ્બ બન્યા નહોતા તે સમયે તેમણે જોયું તો આકાશમાંથી આગના ગોળા પડવા લાગ્યા. કોઈ પાણીમાં ડુબીને. તો કોઈ આપસમાં લડીને મરતા હતાં દુનિયાના વિનાશનું ભયાનક દૃશ્ય જોઈ તેમની આંખોમાંથી આંસુ નીકળવા લાગ્યાં. 'બસ કરો પ્રભુ આટલો ભયાનક વિનાશ?' તેમને થોડીવાર માટે લાગ્યું કે આખી દુનિયા વિનાશ થઈ ગઈ હું એક જ બાકી છું થોડીવાર પછી જુએ છે તો તે જ બંગલો હતો જ્યાં તેઓ રોકાયા હતા. તેમને થયું કે મેં આ શું જોયું? આ સવાલે તેમના જીવનમાં ભયાનક તોફાન મચાવી ગયું હવે તેઓ દુકાને જાય તો પણ હીરા પથ્થર દેખાવા લાગ્યા. તેમને નિર્ણય બદલી ધંધો સમેટી લીધો. ભાગીદાર પાસેથી હિસાબ કરાવી ધંધો સમેટી લીધો.

દાદાએ પરિવારને પત્ર લખી કહ્યું કે 'અલિફ કો અલ્લાહ મિલા, બે કો મિલિ જૂઠી બાદશાહી, આઈ તાર અલિફ કો, હુઆ રેલ કા રાહી.' દાદા લેખરાજને જ અનુભૂતિ દ્વારા ખુશી થઈ તેનું વર્ણન કરતો તાર ઘેર કર્યો કે મને તો ભગવાન મળ્યા. ભાગીદારને જૂઠી બાદશાહી મળી.

દાદા લેખરાજને એક પછી એક સાક્ષાત્કાર થયા. જેના આધારે તેમનું મનન ચિંતન વધી ગયું. બધાની સાથે ચૂપ રહેતાં. એકાંત સ્થાને બેસીને વિચાર કરતા કે મને જ શા માટે દેખાય છે. બીજા કોઈને નહી તેમની મૂંઝવણ વધતી જાય છે. તેમનો વ્યવહાર બદલાતો જોઈ પરિવાર વાળાએ વિચાર્યું કે ગુરુને બોલાવી સતસંગનું આયોજન કરવું દાદાને ઘેર અનેકવાર મોટા સતસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદા ક્યારેય ગુરુનો સતસંગ ચાલુ હોય અને દાદા લેખરાજ આજ સુધી કોઈ દિવસ ચાલુ સતસંગમાંથી ઉઠીને જતા નથી અને આજે કોણ જાણે કેમ દાદા ચાલુ સતસંગમાંથી ઉઠીને રૂમમાં ગયાં. તેમનો પોતાનો પોતાની ઉપર કોઈ કંટ્રોલ જ ન રહ્યો. દાદા તેમના રૂમમાં ગયા. તેમના પુત્રવધૂ પણ તેમની પાસે જોવા માટે જાય છે તો દાદા તેમના રૂમમાં નીચે આસન પર બેઠેલા હતાં તેમની આંખોમાં લાલાશ હતી. આખો ઓરડો પણ પ્રકાશથી ઝળહળી ઉઠ્યો. એટલામાં અવાજ આવ્યો તે સમયે તેમાંના પુત્રવધૂએ જોયું તો દાદા લેખરાજનું મો ખુલ્લુ પણ અવાજ દાદાનો નહોતો જાણે તેમના દ્વારા કોઈ બીજું બોલી રહ્યું છે.

'નિજાનંદ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્,
જ્ઞાન સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્,
પ્રકાશ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્'

પછી દાદાના નેત્રો બિડાઈ ગયા થોડી વાર પછી નેત્રો ખુલ્યાં તેઓ રૂમમાં આમ તેમ કંઈક શોધી રહ્યાં હોય તેમ લાગતાં પુત્રવધૂના પૂછવાથી કહ્યું કે કોઈ લાઈટ હતી. કોઈ માઈટ હતી કોઈ એવી દુનિયા હતી જ્યાં સોનાના મહેલ બાગ બગીચા હતા. ખૂબ જ દૂર ઉપરથી સિતારા આવતા હતા. જેવા ધરતી પર આવતાં કોઈ દેવી દેવતા. કોઈ રાજકુમાર રાજકુમારી બની જતા. એ દિવ્ય પ્રકાશે કહ્યું કે તારે આવી દુનિયા લાવવાની છે. તે

**(અનુસંધાન પેજ નં. 14 પર)**

# 18મી જાન્યુઆરી વિશ્વશાંતિ દિવસ

## 52મી પુણ્યતિથિ પર પ્રજાપિતા બ્રહ્માને શ્રદ્ધાંજલિ

જેને તેઓ સ્પર્શ કરી દેતા હતા તેઓ અશરીરી બની જતા હતા. જેના ઉપર એમની દૃષ્ટિ પડતી હતી તેઓ પોતાનું ભાન ભૂલી જતા હતા. જેમણે કલિની આ મહાકાળી રાત્રિમાં સ્વયંને સંપૂર્ણ બનાવ્યા. કોણ હતા તે મહાપુરુષ? જેમના અથાક પ્રયાસથી લાખો મનુષ્યોનું જીવન નિર્મળ તથા નિષ્પાપ બની ગયું. કોણ હતા તેઓ ? જેમણે સંપૂર્ણ નિરહંકારી બનીને આ ધરા ઉપર સુંદર આદર્શ રજૂ કર્યા. તેઓ હતા પ્રજાપિતા બ્રહ્મા. જેમના તનમાં પ્રવેશ કરીને જ્ઞાનસાગર, પતિત-પાવન પરમાત્મા શિવે પોતાનાં દિવ્ય કર્તવ્યો કર્યાં. નિરંતર પરમાત્મ સ્વરૂપ પર યોગયુક્ત રહીને 18મી જાન્યુઆરી, 1969ના શુભ દિવસે પોતાના નશ્વરદેહનો ત્યાગ કર્યો. તે દેહ પણ અમૂલ્ય હતો. જેમાં રહીને એમણે જીવનમુક્તિનું સર્વોચ્ચ પદ મેળવ્યુ. તથા જેના દ્વારા ઈશ્વરીય કાર્ય પૂર્ણ થયું. એમના આ મહાપ્રયાણ દિવસને આપણે વિશ્વ શાંતિ દિવસના રૂપે ઉજવીએ છીએ.

પ્રત્યેક બ્રહ્માવત્સ બ્રહ્માપિતાને અનુસરીને એમના જેવા બનવાનો પુરુષાર્થ કરીએ.

### બ્રહ્માબાપ સમાન પાલન બનીએ

જેવી રીતે બ્રહ્માપિતાએ બાળકોને અલૌકિક જન્મ આપવાની સાથે એમની એવી પાલના કરી કે સૌના મુખમાંથી એક જ અવાજ નીકળતો હતો 'મારાબાબા' આ રીતે દરેક આત્મા તરફથી મારાપણાની ભાસના આવે એને કહેવાય છે બાપસમાન. જે પણ સંપર્કમાં આવે એમને આપણે સંબંધની અનુભૂતિ કરાવીએ. પછી જોડાણ સહજ બની જશે.

આપણે જેના પણ નિમિત્ત બનીએ છીએ એમની પાલના કરીને મોટા કરીએ તેથી તેઓ પ્રેમ અને પાલના દ્વારા અવિનાશી વારસાના અધિકારી બની જાય. એમને એવા શક્તિશાળી બનાવીએ જેથી તેઓ સદા પોતાને વિઘ્ન-વિનાશક, શક્તિ સંપન્ન હેલ્ધી ( તંદુરસ્ત ) અને વેલ્ધી ( સંપન્ન )નો અનુભવ કરે.

સર્વની પાલના કરવા માટે પોતાનું જગત-માતા, જ્ઞાનગંગા યા મહાદાની, વરદાની રૂપ સામે લાવીએ. આ સ્વરૂપમાં સ્થિત થઈને કોઈપણ આત્માને દૃષ્ટિ આપીશું, તો એમને વરદાનોની પ્રાપ્તિ થઈ જશે. કલ્યાણકારી ભાવનાથી ગમે તેવા અપકારી આત્મા પણ ઉપકારી બની જશે.

જે રીતે મા બાળકોની ખામી જોતી નથી તેને દૂર કરવા માટે પુરુષાર્થ કરે છે. મા માં બે વિશેષ શક્તિઓ સહન કરવાની અને સમાવવાની હોય છે. એ રીતે દરેક આત્માની પાલના કરવા માટે આ બંને શક્તિઓનો ઉપયોગ કરીએ તો સફળતા જરૂર મળશે.

જે રીતે આપણે સાકાર યા આકાર રૂપમાં વિશેષ પાલના લીધી છે હવે આપણે આવી જ પાલના બધાંની કરવાની છે. પ્રેમ અને શાંતિ, આ બે વાતો દ્વારા સર્વની પાલના કરીએ. જે પણ આપણા સંપર્કમાં આવે તે એવો અનુભવ કરે કે આવો પ્રેમ તો અમને કદી મળ્યો નથી. કદી જોયો નથી. જેને અલૌકિક જન્મ આપવા માટે આપણે નિમિત્ત બન્યા છીએ એમની એવી પાલના આપીએ કે જેથી તેઓ બાબાની છત્રછાયાની નીચે સલામતીનો અનુભવ કરે. આપની પાસે આવતાં

( અનુસંધાન પેજ નં. 05 પર )

## દિવ્યદર્શન

# નવયુગ નિર્માતા - પ્રજાપિતા બ્રહ્મા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

સુનો સુનો ...... બ્રહ્માબાબા કી મંગલકારી દિવ્ય કહાની.... દિવ્ય કહાની..

આપણો ઈતિહાસ પ્રમાણિત કરે છે કે આ વસુંધરા પર જ્યારે-જ્યારે દુઃખ-અશાંતિનાં કાળા વાદળો ઘેરાયા છે અને માનવ પથભ્રષ્ટ, કર્તવ્યવિમૂઢ બન્યો છે. ત્યારે - ત્યારે સુખશાંતિના પથ-પ્રદર્શક આ વસુધા પર પોતાનું ભગીરથ કાર્ય કરવા માટે આવ્યા છે. સામાન્ય રીતે મનુષ્ય એ પથ-પ્રદર્શક વિશે જાણકારી ધરાવતો નથી. પોતાની આસપાસ વ્યાપ્ત ચેતન અને જડતા અસ્તિત્વના પરસ્પર વ્યવહાર વિશે પણ તે અજ્ઞાન ધરાવે છે. પરંતુ ભારતવર્ષમાં કેટલીક એવી વિરલ વિભૂતિઓ પણ થઈ ગઈ છે. જેમના માટે કહેવાય છે કે તેઓ આ બધી જાણકારી ધરાવતા હતા અને તેના જ કારણે તેઓને મહાપુરુષ કે અલૌકિક પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. મહાત્મા બુદ્ધ, સ્વામી દયાનંદ સરસ્વતી, મહાવીર સ્વામી, રામકૃષ્ણ પરમહંસ, મહંમદ પયગમ્બર, ઈસુ ખ્રિસ્ત વગેરે આવા અલૌકિક પુરુષ હતા. આ જ શ્રૃંખલાની એક કડી છે - ‘પ્રજાપિતા બ્રહ્મા’ તેઓ પોતાના પૂર્વ જીવનમાં દાદા લેખરાજના નામથી ઓળખાતા હતા. અલૌકિક પુરુષોની બધી જ કસોટીઓમાંથી તેઓ પાર ઉતર્યા છે.

તેમનું જીવન વૃતાંત એ પરમાત્મ સત્તાનાં મનુષ્ય દેહમાં દિવ્ય અવતરણની તથા ઈશ્વરીય કાર્યોને સંપન્ન કરવાની એક અદ્‌ભુત ગાથા છે. જેણે પુસ્તક સ્વરૂપે લાખો નર-નારીનાં જીવનમાં પરિવર્તન આણ્યું છે. આજે તેમના દ્વારા સ્થાપિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના વિશ્વભરમાં ફેલાયેલા 5500થી વધુ સેવાકેન્દ્રોમાં નિયમિત લાખો નર-નારી ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસ દ્વારા આધ્યાત્મિક પુરુષાર્થ કરીને પોતાનું જીવન મનુષ્યમાંથી દેવતા સમાન બનાવી રહ્યા છે. એ મહાન વિભૂતિ અને તેમનું કાર્ય એક સજીવ સ્મારક બનીને વિશ્વને આજે પણ અલૌકિક કરી રહ્યાં છે તથા તેમના દ્વારા અપાયેલ આધ્યાત્મિક શિક્ષણ વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત કરી રહ્યું છે.

હવે, પ્રશ્ન છે કે એ મહાન વિભૂતિ કોણ છે? આ બનાવ ઈ.સ. 1936નો છે. હીરા-ઝવેરાતના પ્રખ્યાત વેપારી દાદા લેખરાજ ઉદારદાની, સાદગી, સાધુવૃત્તિવાળા, પ્રમાણિક તેમજ ભક્તિભાવનાથી રંગાયેલા પુરુષ તરીકે ખ્યાતિ પ્રાપ્ત હતા. તેમનો ધંધો ખૂબ મોટા વિસ્તાર સુધી ફેલાયેલ હતો. જેમાં કલકત્તા, મુંબઈ, કરાંચી, સિંધ-હૈદરાબાદ તેમના વેપારના મુખ્ય કેન્દ્રો હતા. તેઓ શ્રી નારાયણના અનન્ય ભક્ત હતા અને શ્રીમદ્‌ભગવત ગીતાનો નિત્ય શ્રધ્ધાપૂર્વક પાઠ અચૂક કરતા. સત્સંગ અને પ્રભુ-ચર્ચા તેમ જ અધ્યાત્મ-ચિંતનમાં તેમને વિશેષ રુચિ હતી. દીનદુઃખીઓની સેવા પણ તેઓ અવશ્ય કરતા.

ઈ.સ. 1936માં જ્યારે તેઓ 60 વર્ષના થયા. ત્યારે તેઓ વધુ અંતર્મુખી તેમજ અનાસક્ત વૃત્તિવાળા થઈ ગયા. તેઓ વધુને વધુ પ્રભુ-ચિંતનના સુખદ પરમઆનંદમાં રહેવા લાગ્યા. એક દિવસ જ્યારે તેઓ પોતાના હૈદરાબાદ સિંધના નિવાસસ્થાનના ખુલ્લા આંગણાંમાં સત્સંગ ચાલતો હતો તેમાં બેઠા હતા. ત્યારે કોઈક

પરમશક્તિનું તેમને અદમ્ય ખેંચાણ થયું અને તેઓ ત્યાંથી ઉઠીને પોતાના રૂમમાં એકાંત અને શાંત સ્થિતિમાં બેઠા. બસ, આ જ ક્ષણ તેમના જીવનમાં મહત્વપૂર્ણ વળાંક લાવનારી સાબિત થઈ. જ્યારે તેઓ ચિંતનમાં ડૂબેલા હતા ત્યારે પરમપિતા પરમાત્માએ તેમના દેહમાં અસીમ સ્થિત થવાનો અને અપૂર્વ પ્રયાસ જે તેમને એક અલૌકિક સુખની અનુભૂતિની એ મહાન ક્ષણ બની ગઈ. તેમને એવું અનુભવાયું કે સમગ્ર ખંડમાં સર્વોચ્ચ શક્તિ પરમાત્માની ઉપસ્થિતિ છે અને તેનાથી આ રૂમ પ્રકાશિત થઈ ગયો છે. આજ અનુભૂતિઓની વચ્ચે તેમને પરમપિતા શિવ પરમાત્માના આ મહાવાક્યોનો મધુર ધ્વનિ સંભળાઈ રહ્યો.

'નિજાનંદ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્,
જ્ઞાન સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્,
પ્રકાશ સ્વરૂપમ્ શિવોહમ્ શિવોહમ્'

આ પછી અવારનવાર આ પ્રકારે થઈ રહેલા સાક્ષાત્કારોમાં તેમણે એક સ્વર્ણિમ સંસારની, કળિયુગી દુનિયાના ભયંકર વિનાશની ઝલક પણ મેળવી. તેમને એવો ભાસ થઈ રહ્યો હતો કે કોઈ અદૃશ્ય શક્તિ તેમને સતયુગી અનુપમ દૈવી સૃષ્ટિના સર્જનની ઈશ્વરીય યોજનાને સાકાર રૂપ આપવા માટે નિમિત્ત બનવાનું કહી રહી છે. તેમણે આ ઈશ્વરીય આદેશને સમજીને એક પવિત્રતમ, સુખ-શાંતિ સંપન્ન સૃષ્ટિની સ્થાપના કાજે પોતાનાં તન, મન, ધન, જીવનનો શેષ સમય, શ્વાસ અને સંકલ્પોને પણ સંપૂર્ણરૂપે સમર્પિત કરી દીધાં.

ત્યારબાદ, જેમ સિદ્ધાર્થ મહાત્મ બુદ્ધ તરીકે ઓળખાયા, બાળક નરેન્દ્ર સ્વામી વિવેકાનંદ બન્યા, મૂળશંકર સ્વામી દયાનંદ સરસ્વતી નામ પામ્યા. મોહનદાસ ગાંધી મહાત્મા ગાંધી તરીકે પ્રખ્યાત બન્યા. તેમ પરમાત્માશિવે દાદા લેખરાજને કર્તવ્યવાચક નામ આપ્યું. 'પ્રજાપિતા બ્રહ્મા' તેમનું અનુસરણ કરનાર લાખો નર-નારી તેમને સ્નેહથી 'બ્રહ્માબાબા' કહીને સંબોધિત કરે છે.

બ્રહ્માબાબાએ જ્યારે પોતાના પાર્થિવ શરીરનો ત્યાગ કરીને અવ્યક્તરૂપ ધારણ કર્યું ત્યારે તેમની ઉંમર 93 વર્ષની હતી. તે સમયે પણ તેમના ચહેરા પર એક અદ્દ્ભુત તેજ, ગરિમા અને અલૌકિક આભા હતી. તેમના સંપર્કમાં આવવા માત્રથી જ અનેક સંતાપગ્રસ્ત માનવો રાહતનો શ્વાસ લેતા. સૌ પોતાનાં બધાં જ દુઃખોને ભૂલીને સુખ-શાંતિ-પવિત્રતા અને આનંદનો અનુભવ કરવા લાગતાં. ત્યાગ, તપસ્યા અને સેવાની સાક્ષાતમૂર્તિ તેમજ શુદ્ધ શક્તિશાળી સંકલ્પોના સ્વામી બ્રહ્માબાબા દ્વારા શાંતિદાયક પ્રકંમ્પનો વાતાવરણમાં ફેલાતા ત્યારે તે સકારાત્મક શક્તિશાળી વાતાવરણમાં હિંસક, વિકારી, આસુરી વૃત્તિવાળો માનવ પણ શાંત, શીતળ, દૈવી સ્વભાવવાળો બની જતો. તેઓ કોઈ ભગવાનના અવતાર નહતા અન ન કોઈ ગુરુ હતા. તેઓ માત્ર નિરાકાર પરમપિતા પરમાત્મા શિવના સાકાર માધ્યમ હતા. જેઓ નિરભિમાની તથા સંપૂર્ણ સમર્પણમયતાનું જ્વલંત ઉદાહરણ હતા.

તેમના મુખારવિંદ દ્વારા પરમાત્માએ અનેક આધ્યાત્મિક ગૂઢ રહસ્યો સ્પષ્ટ કર્યાં. જે મહાવાક્યોને પોતે પણ સાંભળીને આત્મસાત કરતા અને બીજાઓને અધ્યાત્મની પાવન રાહ પર ચાલવા માટે પ્રેરણા આપવા લાગ્યા. તેમણે અનેકોને પવિત્ર દિવ્ય જીવન ગાળવાની પ્રેરણાઓ આપી. તેમની દૃષ્ટિ જેના ઉપર પડતી તે વ્યક્તિ આત્મિક સ્થિતિમાં સ્થિત થઈ જતી. તેઓ કોઈ પણ વ્યક્તિને ક્યારેય પોતાના ચરણસ્પર્શ કરવા, ફૂલોની માળા પહેરાવવા માટે અનુમતિ આપતા નહીં. શ્રોતાઓ જ્યારે જ્યારે તેમની વાણી

સાંભળતા ત્યારે તેમને બ્રહ્માબાબાના મુખમંડળ પર એક દિવ્ય જ્યોતિ દેખાતી તથા ભૃકુટિમાં દિવ્ય પ્રકાશમાન આત્માનો પણ અનુભવ થતો.

બાબાની પ્રેરણાએ વિનાશકારી પ્રવૃત્તિઓમાં પોતાનો સમય અને શક્તિનો દુરૂપયોગ કરી રહેલ યુવાવર્ગને શિસ્તબદ્ધ બનાવ્યો અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં સેવારત પણ કર્યો. રાજયોગી યુવાન સાદાઈપ્રિય, સંયમી અને મર્યાદાપૂર્ણ જીવન જીવવાનો અભ્યાસી બની જાય છે.

મહિલાઓ પણ આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ કરે તે માટે બ્રહ્માબાબાએ વિશેષ રૂપે માતાઓ, કન્યાઓને નિમિત્ત બનાવી તેમજ તેમને જ આ આધ્યાત્મિક વિશ્વ વિદ્યાલયને વ્યવસ્થિત રૂપે ચલાવવાની જવાબદારી સોંપી. સદીઓથી અબળા, ભોગ્યા, તિરસ્કારી કોઈ યોગ્ય સ્થાન ન મળનાર એવી નારીઓને પ્રમુખ અને મહત્ત્વપૂર્ણ સ્થાન આપીને બ્રહ્માબાબાએ સમાજ સમક્ષ મહિલા સશક્તિકરણનું એક અદ્વિતીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું. સમાજમાં નારી માટે એવો ભ્રમ હતો કે તે નર્કનું દ્વાર છે. તેને બાબાએ સ્વર્ગના સર્જન માટેની આધારશિલા બનાવી દીધી. વસુંધરા પણ આવા મહાપુરુષને પામીને ધન્ય થઈ ઉઠી, કે જેણે કામ મહાશત્રુને પડકાર્યો, પવિત્રતા અને બ્રહ્મચર્યનો મંત્ર બધાના કાનમાં ફૂંક્યો, માનવીને આધ્યાત્મિકતાનું બળ પ્રદાન કર્યું. તેમણે વિરોધીઓને પણ પોતાના પરમ મિત્રો સમજ્યા. એવા સદીના આ યુગપુરુષ પ્રજાપિતા બ્રહ્માબાબાએ 18મી જાન્યુઆરી, 1969ના દિવસે પોતાના ભૌતિક શરીરનો ત્યાગ કરીને અવ્યક્ત વતન નિવાસી થયા. આજે પણ સકલ વિશ્વમાં તેઓ અવ્યક્ત ફરિસ્તાના રૂપમાં વિશ્વ સેવારત છે. તેમા સન્માનરૂપે ફક્ત તેમનું અનુકરણ અને અનુસરણ કરવું એ જ આવા યુગપુરુષને સહૃદયે શ્રદ્ધા-પુષ્પ અર્પણ કરવાની બરાબર છે.

ગીત - અમર કહાની બ્રહ્મા કી, સ્વર્ણિમ દુનિયા લાયેગી....

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 23નું અનુસંધાન)... સાથેના મારા**

મને સેવાકેન્દ્ર ઉપર મૂકીને સૌ બાબાની અંતિમયાત્રા માટે મધુવન ગયાં.

અને સંકલ્પ ચાલ્યો કે આ કેવું ભાગ્ય છે કે હું અંતિમ સમયે બાબાને મળી ના શકી. અમે ત્રણ દિવસ અખંડયોગ રાખ્યો. આશ્ચર્યની વાત છે કે બાબાએ મને અંતિમયાત્રાનું પૂરું દૃશ્ય બતાવ્યું અને અનુભવ કરાવ્યો કે બાબાનો આટલો સુંદર રથ પણ પાંચ તત્વોમાં મળી ગયો તો આપણું શરીર તો કંઈ નથી. આ ઘટના દ્વારા એ બોધ અને પ્રેરણા મળ્યાં કે શરીરથી મોહ કાઢીને બાબાની જેમ જ અવ્યક્ત કર્માતીત ફરિસ્તા બનવાનો આપણે પુરુષાર્થ કરવાનો છે. મારું એ લક્ષ્ય રહે છે કે બાબાએ અમારી જેટલા પ્રેમથી પાલના કરી છે એના રીટર્નમાં આપણે પણ યજ્ઞમાં અથાક સેવા કરવાની છે અને નિર્વિઘ્ન બનીને સૌને સંતુષ્ટ કરવાનાં છે.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ડિસેમ્બર–૨૦૨૧ માસની શબ્દાવલી : ભાગ–૧૩ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી : ભાગ–૧૪ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને ફેબ્રુઆરી–૨૦૨૨ના અંકમાં સંગમયુગની શબ્દાવલી : ભાગ ૧૪ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૪

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | ■ | 4 | 5 | | 6 | 7 |
| 8 | | | ■ | 9 | | | ■ | 10 | |
| 11 | | | ■ | 12 | | | ■ | ■ | |
| | ■ | ■ | 13 | ■ | | ■ | 14 | 15 | |
| 16 | | 17 | | ■ | ■ | ■ | 18 | | ■ |
| | ■ | 19 | | ■ | ■ | ■ | 20 | | |
| | ■ | | ■ | 21 | 22 | ■ | ■ | | ■ |
| ■ | 23 | ■ | 24 | | | | | | 25 |
| 26 | | ■ | | ■ | ■ | ■ | ■ | 27 | |
| | ■ | 28 | | | | ■ | 29 | | |

### આડી ચાવીઓ:–

૧. વર્ષનો પ્રથમ માસ (૪)
૪. પહેલી જાન્યુઆરી – સ્મૃતિ દિવસ (૫)
૮. નજીક શબ્દનું અંગ્રેજી (૩)
૯. પ્રકાશ, તેજ (૩)
૧૦. તાળા શબ્દનું હિન્દી (૨)
૧૧. વારતી શબ્દ લખો (૩)
૧૨. અમદાવાદ શહેરનો એક વિસ્તાર (૩)
૧૪. જ્ઞાન સાગર અને નદીનો ..... (૩)
૧૬. સતયુગી વસ્ત્ર, પીળા ..... (૪)
૧૮. તનાવ, ખેંચ (૨)
૧૯. શેરી (૨)
૨૦. સંક્રાતિના દિવસે આકાશમાં ચગે (૩)
૨૧. સાંજ (૨)
૨૪. ૩૦ જાન્યુઆરીનો દિવસ (૭)
૨૬. ..... ત્યાં જંપ (૨)
૨૭. ઉમર (૨)
૨૮. પ્રેમથી ભરપૂર શબ્દનું અંગ્રેજી (૪)
૨૯. પાઠ (૩)

### ઊભી ચાવીઓ:–

૧. 'VIBGYOR' શબ્દનો ગુજરાતી અર્થ (૭)
૨. હેપી..... (૩)
૩. હિંદુ ધર્મની પૂજાપાઠની એક વિધિ (૩)
૪. આબુમાં યજ્ઞ વત્સોનું શરૂઆતનું રહેણાંક (૪)
૫. કચ્છમાં ..... અને તોરલની સમાધિ છે. (૩)
૬. જીવન કે ....., સાંસો કે સ્વામી (૨)
૭. દિલને આરામ આપનાર (૪)
૯. ઓમ નિવાસ શબ્દના પહેલા બે અક્ષરો (૨)
૧૩. બાબા તેરી મીઠી ..... કી ધૂન (૩)
૧૪. દુઃખ (૩)
૧૫. ૨૬મી જાન્યુઆરી (૭)
૧૭. હંસ અને ..... ના બન્નેના એક સરખા રંગ (૩)
૨૧. મિલન, જોડાણ (૨)
૨૨. યજ્ઞના એક દાદીનું નામ (૨)
૨૩. જપ – ..... – વ્રત (૨)
૨૪. અર્જુનનું ધનુષ (૩)
૨૫. લોચન, આંખ, નેત્ર (૩)
૨૬. ..... તેવો રંગ (૨)

## શબ્દાવલી ભાગ-૧૩ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 સં | 2 સા | ર | ■ | 3 ડિ | સે | મ્બ | 4 ર | ■ | 5 અ |
| 6 ત | લ | ■ | 7 ન | સ | ■ | ■ | 8 ક | વ | ચ |
| રી | ■ | ■ | રે | ■ | 9 ક્રિ | ષ્ન | ■ | ■ | લ |
| 10 દા | 11 દા | 12 ચ | ન્દ્ર | 13 હા | સ | ■ | ■ | 14 વા | ધ |
| 15 દી | દા | ર | ■ | 16 જી | મ | ■ | 17 ઉ | ત | ર |
| ■ | ■ | ણ | ■ | 18 ર | સ | ગુ | લ્લા | ■ | ■ |
| 19 એ | 20 ક | ર | 21 સ | ■ | 22 ટ્રી | ■ | 23 સ | 24 મા | 25 ન |
| 26 ઉ | લ | જ | ન | ■ | ■ | 27 બે | ■ | 28 ગ | મ |
| ■ | | ■ | 29 શો | કે | 30 સ | ■ | 31 દ | શ | ક |
| 32 શાં | તા | ક્લો | ઝ | ■ | 33 ર | વિ | વા | ર | ■ |

Gyan Amrit Vol.15 | Issue 01 | January 2022| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજકોટ ખાતે 'સ્કાય એનિમેશન ઈન્સ્ટીટ્યુટ'નું મંગલ ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, મેયર ભ્રાતા પ્રદિવભાઈ ડવ, ડેપ્યુટી મેયર ભગિની દર્શિતાબેન શાહ તથા માલિક ભ્રાતા સંજીવકુમાર સોની.



વડોદરા અટલાદરા ખાતે વ્યાપાર-ઉદ્યોગ સેમિનારમાં મા.આબુ સંયોજીકા બ્ર.કુ. ગીતાબેન, BJP શહેર પ્રમુખ ડૉ. વિજયભાઈ, IMAના પ્રમુખ ડૉ. મિતેષભાઈ, CREDAIના પ્રમુખ પ્રિતેશભાઈ, રાધિકા જ્વેલર્સના ઑનર શશીકાંતભાઈ, બ્ર.કુ. અરુણાબેન.



બાંટવા ખાતે સ્નેહમિલન કાર્યક્રમમાં ધાર્મિક પ્રભાગના મુખ્યાલય સંયોજક બ્ર.કુ.રામનાથભાઈ, પ્રશાસન પ્રભાગના મુખ્યાલય સંયોજક બ્ર.કુ. હરીશભાઈ, નગરપાલિકાના ઉપપ્રમુખ ભ્રાતા રાજુભાઈ, ડૉ.રામચંદાનીભાઈ, ડૉ. સુરેજાભાઈ, બ્ર.કુ. મધુબેન.



પોરબંદર ખાતે 'વર્લ્ડ સોઈલ ડે' નિમિતે આયોજીત કાર્યક્રમનું દિપ પ્રજવલ્લન કરી ઉદ્‌ઘાટન કરતાં તાલુકા પંચાયતના સદસ્ય ભ્રાતા વિજયભાઈ ગોઢાણિયા, બ્ર.કુ. સવિતાબેન, બ્ર.કુ. લીનાબેન, બ્ર.કુ. રમેશભાઈ.



રાજકોટ અવધપુરીમાં 'સર્વરોગ નિદાન-આર્યુવેદિક અને હોમિયોપેથી કેમ્પ'નું શુભઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. રેખાબેન, ડૉ. જીતેશભાઈ પાદરીયા, ડૉ. મયુરીબેન સંઘવી, બ્ર.કુ. શીતલબેન તથા અન્ય.



નવસારી જીલ્લા પોલીસ અને ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ સાથે આયોજીત કાર્યક્રમમાં માર્ગ અકસ્માતમાં પીડીતોને યોગદાન આપતાં બ્ર.કુ. ગીતાબેન, DySP શિવજી રાણા, સમકાલિન સમાચારપત્રના માલિક ગૌતમભાઈ, સામાજીક કાર્યકર હરીશભાઈ.

**If Undelivered Please Return To :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com